વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની
શ્રી લક્ષ્મીનારાયણ દેવની સંસ્થાનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૧૦, અંક : ૪
એપ્રિલ - ૨૦૧૯





વડતાલધામ દિવ્ય ભવ્ય રંગોત્સવ તા.૨૧/૩/૨૦૧૯






**ઉજ્જૈન (મધ્યપ્રદેશ)** મુકામે પૂ.આનંદજીવન સ્વામી દ્વારા આયોજીત ૨૧ નવ દંપતિઓના સમુહ લગ્નોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧૦/૨/૨૦૧૯









**સમાણા (જુનાગઢ)** મુકામે પૂ.માધવપ્રિયદાસજી સ્વામી (છારોડી)ની પ્રેરણાથી આયોજીત નૂતન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.બાલકૃષ્ણ સ્વામી - મેમનગર વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૨૨ થી ૨૬/૨/૨૦૧૯










**વડતાલધામ** મુકામે ૩૩ મી રવિસભા પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પૂ.સંત સ્વામી, સાહિત્યકારશ્રી અનવરભાઈ મીર-વઢવાણ તથા પૂ.સંતો એવં ભક્તો. તા.૩/૩/૨૦૧૯







ખંભાત મુકામે પૂ.ધર્મનંદન સ્વામી દ્વારા આયોજીત ૧૯૧ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, વક્તાશ્રી પૂ.સરજુદાસજી સ્વામી, પૂ.સંતો એવં ભક્તો. તા.૪ થી ૮/૩/૨૦૧૯








પીજ મુકામે પૂ.વિશ્વવલ્લભ સ્વામી દ્વારા આયોજીત ૮૫ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.સંતો તથા ભક્તો એવં વચનામૃત દ્વિશતાબ્દી ઉપક્રમે ૨૦૦ ઉપરાંત વચનામૃતોની નગરયાત્રા. તા.૭ થી ૧૧/૩/૨૦૧૯





સુરત વેલંજા મુકામે પૂ.હરિપ્રિય સ્વામી દ્વારા આયોજીત નૂતન ગુરૂકુલ ખાતમુર્હૂત પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ચેરમેનશ્રી દેવ સ્વામી, પૂ.મુની સ્વામી, વક્તાશ્રી હરિકૃષ્ણ સ્વામી. તા.૭ થી ૧૩/૩/૨૦૧૯







આણંદ મુકામે ઓલ ઈન્ડિયા પ્રિન્સીપાલ એસોસિયેશનની ૨૦ મી કોન્ફરન્સમાં ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, આ.કો.શ્રી સંત સ્વામી તથા સમગ્ર ભારતમાંથી ૨૦૦ ઉપરાંત કોલેજોના પ્રિન્સીપાલશ્રીઓ એવં મહાનુભાવો. તા.૯/૩/૨૦૧૯





**તારાપુર** મુકામે શ્રી ગોવિંદભાઈ ઠક્કર દ્વારા આયોજીત ૧૩ મા પાટોત્સવ-સહજાનંદી સભામંડપ એવં મુખ્ય દ્વાર ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી,વક્તાશ્રી પૂ.સત્સંગભૂષણ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.નૌતમ સ્વામી વગેરે સંતો-ભક્તો. તા.૯ થી ૧૧/૩/૨૦૧૯







ચરોતરમાં સૌ પ્રથમવાર સંધાણા(ખેડા)મુકામે વડતાલ મંદિર દ્વારા આયોજીત વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ ઉપક્રમે ભક્તિયજ્ઞ-સત્સંગસભા પ્રસંગે વડતાલ, સંધાણા,ડભાણ,હરિયાળા ગુરૂકુલ થી ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તજનો. તા.૧૬/૩/૨૦૧૯



Web Site :
**www.vadtalmandir.org**

E-mail address :
**vadtaldhamvikas@gmail.com**

## Subscription

(india)
5 Year ₹. 250/-
20 Year- ₹. 500/
For Other Countries
(airmail) ₹. 6750/-


**Year - 10**
**Volume - 4**
**April - 2019**


॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# Shree Vadtaldham Satsang

## અનુક્રમણિકા


**૧. વડતાલધામઃ એક ઈતિહાસ (ભાગ - ૮)**
**જનમાં શિરોમણી જોબન પગી**
**લેખક : પ્રો. હરેન્દ્ર ભટ્ટ, વિદ્યાનગર** ૦૬

**૨. સત્સંગ સમાચાર**
**સંકલન - સાધુ શ્યામવલ્લભદાસ - વડતાલ** ૧૮

**૩. વડતાલધામ દ્વારા વિવિધ પ્રવૃતિઓની જાહેરાત** ૨૬



**OWNER:** Vadtal Temple Managing Trustee Board, Vadtal, **PUBLISHER / PRINTER & EDITOR:** Chief Executive Kotharishree Shashtri Shree Ghanshyamprakashdasji Swami Guru Kothari Shri Nandkishordasji Swami **PUBLISHED & PRINTING :** Shree LaxmiNarayandev Offset Press, **AT & POST:** Vadtal, Tal. Nadiad, Dist. Kheda, Gujarat Pin: 387375, **Phone:** (0268)2589728,776

# વડતાલધામ : એક ઈતિહાસ (ભાગ - ૮)

લેખક : પ્રો. હરેન્દ્ર ભટ્ટ - વિદ્યાનગર

## ભૂમિકા

રમેશચન્દ્ર લા. પંડ્યાએ 'ભક્તરાજ જોબન પગી' પુસ્તકમાં પોતાના પ્રસ્તાવનારુપ લખાણ 'જોબનપગી પ્રાસ્તાવિક' માં એક વસવસો વ્યક્ત કર્યો છેઃ '....સખેદ આશ્ચર્યની વાત તો એ છે કે, જે સંપ્રદાયને એમણે પોતાનું જીવન સર્વસ્વ અર્પણ કરી દીધું હતું, તે સંસ્થાએ, એમના જીવનની સત્તાવાર વિગતો સાચવવાની કે મેળવવાની કોઈ કાળજી રાખેલ જણાતી નથી.'

અભ્યાસી સત્સંગી રમેશચન્દ્ર લા. પંડ્યાનો આ વસવસો ના ગમ્યો. એની ટીકા કરી બેસી રહેવું તેના કરતાં જોબન પગીના વ્યક્તિત્વને સમજવું અને આલેખવું એમ વિચાર્યું. પરિણામ આ લખાણ છે.

જોબન પગીના જીવનની ઘટનાઓ જોતાં બે વિભાગ સ્પષ્ટ પડે છેઃ પૂર્વાર્ધ ચોર લૂંટારાઓનો રાજા જોબન પગી અને ઉત્તરાર્ધઃ ભક્તરાજ જોબન પગી. આ બંનેમાં જોબન પગી પૂર્ણ કળાએ ખીલી ઉઠે છે. જોબન પગીના વિશિષ્ટ વ્યક્તિત્વને પામવાનો પ્રયાસ થતો રહ્યો છે.

ચોર - લૂંટારાઓનો રાજા જોબન પગી રામાયણકાળના રત્નાકર ભીલનું સ્મરણ કરાવે છે, એમ રમેશચન્દ્ર લા. પંડ્યા નોંધે છે. રસ્તે જતા નિર્દોષ લોકોને લૂંટવા અને સામા થાય તો મારી નાખવા, એ રત્ના ભીલના પૂર્વજીવનનો નિત્યક્રમ હતો;પણ, પૂર્વનાં પુણ્ય ઉદય થતાં, એક દિવસ, તેને પરમ ભાગવત ભક્ત નારદજીનો ભેટો થઈ ગયો. નારદજી પાસે તો, માયામૂડીમાં ભગવાન અને ભગવાનનું નામસંકીર્તન સિવાય બીજું કાંઈ જ ન હતું. એમણે દયા કરીને, રત્નાને રામનામરૂપી મોંઘી મૂડી આપી હતી, જેના પરિણામે, રત્નાના જીવનમાં અદભૂત પરિવર્તન આવ્યું. રત્નો લૂંટારો મટી ગયો અને આર્ષદૃષ્ટા મહાકવિ ભક્તરાજ વાલ્મીકી બની ગયો. જોબન પગીના જીવનમાં પણ એવો જ જીવન પલટો બનેલો છે. પ્રગટ ભગવાનના પરમ ઉપાસક સંતકવિ મુક્તાનંદ સ્વામીનો એને મેળાપ થયો. સ્વામીની શાંત અને મધુર પ્રાસાદિક વાણીના પરિણામે, પૂર્વ જીવનના અધૂરા રહેલા યોગસાધનાના અંકૂરો એનામાં નવચેતન પામ્યા, અને ડભાણ યજ્ઞમાં, ભગવાન શ્રી સ્વામિનારાયણનું ઐશ્વર્ય પામતાં, એ અંકુરો ફૂલીફાલીને મહાવટવૃક્ષ સમા થયા. જોબન વડતાલો, ખૂની લૂંટારો મટીને, પ્રત્યક્ષ ભગવાનનો ઉપાસક પરમ ભાગવત સંત બની ગયો.

## જીવન પરિવર્તન મન - વચન - કર્મનું

જોબન પગી ખૂની લૂંટારામાંથી ભક્ત બન્યા. એમણે તલવાર, તીરકામઠું અને બંદૂકનો ત્યાગ કરીને માળા ગ્રહણ કરી, કપાળમાં તિલક ચાંલ્લો કરવા માંડ્યો. છતાં, સામાન્ય સમાજમાં એમની ધાક તો એવી ને એવી જ ચાલુ રહી. વડતાલમાં યોજાનારા ફૂલડોલોત્સવ માટે જોઈતી વસ્તુઓ અને રોકડ રકમ 'ઉછીની' લેવા પેટલાદ કશિયાભાઈને મળે છે અને કશિયાભાઈના કારભારીને ઉછીની વસ્તુઓની યાદી નંધાવે છે એ ઘટના એમના સંપૂર્ણ જીવન પરિવર્તનની દ્યોતક છે. એ તો એમના ભગત બનવાના શરુઆતના દિવસો હતા. એમના એક સંદેશાથી બધું આવી જાત પણ, એમનું જીવન પરિવર્તન સાચું હતું; મન - કર્મ વચનનું હતું.

## શિસ્ત, સંયોજન, વ્યવસ્થાના માહેર

કોઈ સમર્થ સેનાપતિ અને કુશળ રાજકારોબારી પુરુષને પણ ઈર્ષ્યા ઉપજાવે એવું, એમની ધાડો અને લૂંટોનું સંયોજન, શિસ્ત અને સંચાલન હતું. ગુજરાતમાં ઉત્તરે પાલનપુર અને દક્ષિણે ધરમપુર તથા કાઠિયાવાડમાં પશ્ચિમે દ્વારકા સુધી, લૂંટારા જોબન પગીનું સામ્રાજ્ય વિસ્તરેલું હતું. આ વિશાળ પ્રદેશમાં, બાવન જેટલા સૂબાઓ એમના માર્ગદર્શન અને સંચાલન પ્રમાણે ધાડો પાડવાનું ક્રૂર કામ કરતા હતા. એકલા ચરોતર પ્રદેશમાં જ એમનાં ચોસઠ સ્થાનકો એટલે ગુપ્તચરોને મળવાના સ્થળો હતાં. જીર્ણદેવાલયો, માતાની દેરીઓ, જૂના પાળીયા વગેરે એમનાં સંકેતસ્થાનો હતાં. લૂંટધાડનો માલ વગે કરવા માટે, મુંબઈ અને પુના સુધી એમના હાથ લંબાયેલા હતા. એમના દરેક કામમાં શિસ્ત સંયોજન અને વ્યવસ્થા અદભૂત રીતે સુસંકલિત રહેતાં. નિયત દિવસે, નિયત સમયે, નિયત સ્થળે નિયત રીતે જ લૂંટધાડનું આક્રમણ કરવામાં આવતું, અને તે સફળ થતું જ. ગાયકવાડ જેવી વિશાળ રાજ્યસત્તાની તિજોરીઓ બબ્બે વખત લૂંટવામાં એમને મળેલી સફળતા, આ પ્રકારની કુશળ કાર્યરીતિને આભારી જણાય છે.ચોરલૂંટારાના સરદાર તરીકે, જોબન પગીના જીવનમાં એક તરફ કાળજુ કંપાવે એવી ઠંડી ક્રૂરતા તો બીજી તરફ અપ્રતિમ શૌર્ય અને ઔદાર્યભરી અને ચિત્તને જકડી રાખે એવી વિરલ જીવનરીતિનાં દર્શન થાય છે. તો પણ, ગુજરાત કાઠિયાવાડના ઈતિહાસમાં એમના અતિવ્યવસ્થિત અને

સુસંકલિત ધાડપાડુ જીવનની વિગતોનો નહિ જેવો નિર્દેશ કરેલો જોવા મળે છે, એ એક સમજી શકાય એવી આશ્ચર્યજનક ઘટના છે એમ અભ્યાસી રમેશચન્દ્ર લા. પંડ્યાએ નોંધ્યું છે.

## એકાબહાદુરનાય એકાબહાદુર જોબન પગી

માવદાનજીભાઈ ભીમજીભાઈ રત્નુ જોબનપગીને 'એકાબહાદુરનાય એકાબહાદુર' ગણાવે છે. એકાબહાદુર એટલે એવો શૂરવીર જે એકલે હાથે સો પાયદળને હરાવે. એમ કહેવાય છે કે, દિલ્હીપતિ પૃથ્વીરાજ ચૌહાણ પાસે ૧૬ એકાબહાદુરો (સામંતો) હતા. ચંદ કવિએ પૃથ્વીરાજ રાસોમાં લખ્યા પ્રમાણે, ચામુંડ રાય પૃથ્વીરાજ ચૌહાણનો પ્રથમ નંબરનો એકાબહાદુર હતો. શિવરામ ગાર્દી વડોદરાના મહારાજાના એકાબહાદુર હતા. ગાયકવાડી સેનામાં આવા ઘણા એકાબહાદુરો હતા. શિવરામ ગાર્દીની ફોજ સામે કોઈ કચ્છ કાઠિયાવાડ ને ગુજરાતનો રાજા લડવા તૈયાર ન થતો; સીમાડે સામા આવી ખંડણી ચૂકવી આપતાં. જોબન પગીને જીવતો યા મરેલા પકડી લાવનારને મોટા ઈનામો આપવાની વડોદરા સરકારે જાહેરાતો કરેલી, પરંતુ એમના લશ્કરનો કોઈ એકાબહાદુર આ માટે તૈયાર થયેલો નહીં. એટલું જ નહિ, વડતાલ ગામમાં નહિ પણ તેના સીમાડામાં પ્રવેશવા કોઈ સૂબો કે સેનાપતિ હિંમત કરતો નહિ. સેંકડો માથાં કપાયે પણ જોબનનું માથું મળવું મુશ્કેલ હતું. માટે જ, વડોદરાના મહારાજાએ એમને વડોદરા બોલાવી ભારે સન્માન કરેલું અને પોતાના મહેમાન તરીકે પોતાના મહેલમાં જ બે માસ રાખેલા.

## ચોર ડાકુઓનો રાજા જોબન પગી

જોબન પગી એટલે ચોરડાકુઓનો રાજા. ગુજરાત સૌરાષ્ટ્રનો સામાન્ય માનવી તો જોબન પગી માટે ડરના માર્યા આડેધડ વિશેષણ વાપરે, પણ જેમણે ગુજરાતના બહારવટિયા પર સંશોધન કરી સૌરાષ્ટ્રની રસધારના ભાગો લખ્યા તેવા રાષ્ટ્રીય શાયર અને લોકવિદ્યા જ્યોતિર્ધર શ્રી ઝવેરચંદભાઈ મેઘાણી પણ જોબન પગીના લૂંટફાટના ધંધાનું મૂલ્યાંકન કરી લખે છે, 'ગુજરાતના ખેડુ, કોળી, ઠાકરડાઓની એક સૌથી નીચલી કોમ, કે જે ચોરી લૂંટના ગુનાઓ માટે જાણીતી છે, તેનાં વંશ પરંપરામાં ઉતરતાં વેરઝેર, સદાવ્રત, એ આ વર્ગની સ્વાભાવિક ખાસિયત છે. માણસ જેવા માણસને ધારિયાની ધારે મારી, ટૂકડે ટૂકડા કરી, તેને આગમાં બેપતા બનાવી દેવા, એ તેમને મન રીંગણાં બાફવા બરાબર છે. એ ચોરડાકુઓનો રાજા જોબન પગી વરતાલો હતો. તેને ભગવાન સ્વામિનારાયણે પાપ મેલાવી, હાથમાં માળા પકડાવી.' (જનમટીપ, ભા- ૩, પરિચય)

## ભક્તકવિ નારણદાસે ગાયું છે:

સ્વામિનારાયણ ભગવાન જોબને જાણ્યા રે,
બીંજુ ત્યાગ કર્યું અભિમાન, મોહન માણ્યા રે.
એહની માત પિતાને ધન્ય જોબન ભાયારે,
એકાંતિક થયા હરિજન જુઠી જાણી કાયારે.
સત્સંગી થઈ હરિસંગ લાવો લીધો રે,
હરિભક્તિ કરી નવરંગ હરિરસ પીધો રે.
સત્સંગ વિષે કુરબાન કરી છે કાયા રે,
અતિ સાચા જાણી ભગવાન ત્યાગ કરી માયા રે.
થયા પાવન આ જોબન કરીને સેવારે,
કહે નારણદાસ આવું મન અક્ષર લેવારે.

('ભજનાવલિ', પૃ. ૧૮, ૧૯૯૬, રાજકોટ)

જોબન પગીના સમયમાં વડતાલ એ વડોદરા રાજ્યનું એક ગામ હતું. ત્યારે વડતાલના ગામધણી હતા બાપુભાઈ પાટીદાર. જોબન પગી સહિત સૌ ગામજનો બાપુભાઈ પટેલની ઈજ્જત રાખતા.

પગી પગલાં પારખી ગુન્હેગારનું પગેરું કાઢવામાં ઉસ્તાદ.વળી, ગામના ચોકીદાર પણ ખરા. પગેરું કાઢનારના કુળમાં જન્મ્યા એટલે પગી કહેવાયા. ખેતી અને પગેરું કાઢવામાં બે છેડા ભેગા ન થાય એટલે જોબન પગીની જ્ઞાતિના ઘણા બધા લૂંટફાટના રવાડે ચડી ગયા. એથી એમની કોમ બદનામ થઈ ગયેલી.

આ કોમથી સમાજ દૂર રહે તેમ સરકાર કનડે. ચોરી લૂંટફાટની તપાસે નીકળેલ રાજ્યની ફોજના સિપાઈઓ આ લોકોને રંજાડે, લૂંટે, મારપીટ કરે અને કિંમતી વસ્તુઓ ઉઠાવી પણ જાય.

આવા અન્યાય અને અત્યાચારના વાતાવરણમાં જોબન પગીનો ઉછેર થયો. જોબન શરીરે કદાવર પણ બુધ્ધિ ચપળ. બાળપણમાં જ્ઞાતિના છોકરાઓ સાથે લખોટીઓ રમી, ભમરડા ફેરવ્યા અને મંદિરના ઓટલે બાજીઓ રમ્યા, પણ એ બધી રમતોની જીતની બાબત એમણે ચોરી લૂંટફાટમાં કામે લગાડી. જોબન પગીએ લૂંટફાટના વ્યવસાયને સહકારી ધોરણે વિકસાવ્યો.

જોબન પગીની ટોળીમાં માહિતી આપનાર ખેડૂતો હતા અને ઝૂંપડામાં વસનારા ભીલો પણ હતા. ચોરીનો માલ સંતાડનારા અને નીકાલ કરનારા પણ હતા. ઘવાયેલા લૂંટારાઓની સારવાર કરનારા હતા અને શાસકતંત્ર પગારદારો જાસૂસ પણ હતા. એની આ જાળ સમગ્ર ગુજરાતમાં અને દક્ષિણમાં પૂના અને પંચગીની સુધી પથરાયેલી હતી. અત્યંત વ્યવસ્થિત રીતે લૂંટ ચાલતી અને સૌને તેમનો ભાગ મળી જતો. કદાચ કોઈ પકડાઈ જાય, સરકારી ફોજ એની ચામડી ઉતારી નાંખે તો પણ તે સાચી

માહિતી આપે નહીં. પકડાયા પછી બેવફાઈથી બચવા જરૂર પડે આ સાગરીત કટારીથી જીવનનો અંત આણી દે પણ બાતમી ન આપે.

વડતાલમાં વડેઉ માતાનો મઠ. એના મહંત નારાયણગિરીજી ગોસાંઈ. જોબન પગી એમની પાસેથી શુકન વિદ્યા શીખેલ. બાવાજીનો મઠ એ જોબન પગીની સંપત્તિ સાચવવાનું સ્થાન. જોબન પગી નારાયણગિરીને પણ યથાયોગ્ય મહેનતાણું ચૂકવે.

જોબન પગી વેશ પરિવ્રતન કરવામાં અતિ કુશળ. લોકવાયકામાં એમ કહેવાતું કે, એકવીસ વર્ષની ઉંમર થઈ ત્યાં સુધી કોઈને જોબન પગી કોણ એની ખબર ન હતી! જોબન પગી સતત વેશ પરિવર્તન કરતા રહે. લોકવાયકા એમ પણ કહે કે, જોબન પગી પાસે લુકાંજન નામનું એક અંજન હતું. એ અંજન એ પોતે આંખે આંજે એટલે એમને કોઈ જોઈ ન શકે. લોકવાયકા તો એમ પણ કહેતી કે, જોબન પગીને કોઈ તીર, હથિયારો કે બંદૂકની ગોળીની અસર થતી ન હતી. એણે કોઈ પીરની કે ભૈરવની કે દેવીની ગૂઢ સાધના કરી હોવાથી જોબનપગીને તો કોઈ જોઈ શકતું જ નહિ! એને ક્યારેય લૂંટ કરવામાં કે ખૂન કરવામાં નિષ્ફળતા મળતી જ નથી. એને કોઈ જીવતો કે મરેલો પકડી શકે તેમ નથી.

## ચોર ડાકુઓનો રાજા

જોબન પગીનો જન્મ સં. ૧૮૩૧માં થયો હતો. શ્રીજી મહારાજ કરતાં જોબન પગી ઉંમરમાં છ વર્ષ મોટા હતા.

જોબન પગીના પિતાશ્રી ભાયાભાઈના વ્યવસાય અંગે કોઈ જાણકારી મળતી નથી, પણ હમીરસિંહ વાઘેલાના આ વંશજ પાસે ખેતીની જમીન તો હોવી જ જોઈએ. પરંતુ જોબન પગીએ તો જીવનના પંદરમા વર્ષે ચોરી લૂંટફાટનો વ્યવસાય શરુ કર્યો. ટૂંકસમયમાં તો ચોરી લૂંટફાટ કરનાર વડતાલનો જોબન પગી 'ચોરોનો રાજા' બની ગયો. એના નામની ફેં ફાટવા લાગી.

એક દિવસ જોબન પગી વડતાલ ખાતે કેદારનાથ મહાદેવના ઓટલે ડાયરો જમાવી બેઠા હતા. તે સમયે ગામનો હીરો ભરવાડ દોડતો આવ્યો અને રડતાં રડતાં કહે, 'મારી અને ગામના ધણની બસો ગાયો યાકુબખાન પઠાણ અને અલાર્ખા મલેક આંતરી ગયા છે. ઘરે વાછરડાં ભાભરડા નાખે છે. ગાયોને બચાવો..' જોબન પગીએ તુરન્ત હાકલ મારી અને સાથીઓ સાબદા થયા. સૌ ગયા ઉમરેઠ. ત્યાંથી ખબર મળ્યા કે, પઠાણ ગાયોને લઈ બાલાસિનોર બાજુ ગયો છે. તુરન્ત બધા તે બાજુ ગયા. ડભોલી પાસે જોબન પગી અને સાથીઓએ પઠાણ અને ગાયોને આંતરી લીધી. જોબન પગીએ સમય બગાડ્યા વગર, પઠાણ અને મલેકના કટકા કરી નાંખ્યા. જોબનના સાથીઓએ ગાયોના અનેક લૂંટારાઓને રહેંશી નાંખ્યા. જોબન પગી અને સાથીઓ ૨૦૦ ગાયો છોડાવી વડતાલ પરત ફર્યા. રુડો ભરવાડ પોતાનું ધણ પરત ફરતા આનંદિત થઈ ગયો.

ટૂંક સમયમાં ચોરી અને લૂંટફાટ કરવામાં જોબન પગીનું નામ મશહુર થઈ ગયું. લાખો રૂપિયાની લૂંટ કરી અને કંઈકને મોતને ઘાટ ઉતાર્યા. દ્વારકાથી પંઢરપુર સુધી તેનું બહારવટું ચાલતું. તેનુંનામ સાંભળી સૌ ફફડતા.

વડતાલ એ વડોદરા રાજ્યનું ગામ. વડોદરા રાજ્યનાં ૨૪૦૦ ગામ. વડોદરા રાજ્યના દીવાનો પણ બાહોશ. વડોદરા રાજ્યના અમરેલી વિભાગનો સૂબો બાબાસાહેબ એક સમે આઠ લાખની તિજોરીનાં ૨૦ ગાંડા ભરી વડોદરા જતો હતો. જોબન પગીએ સાથીઓની મદદથી, ચરોતરના સીમમાં આ ખજાનાને લૂંટી લીધો. આવી રીતે, ગાયકવાડ સરકારની ઓખામંડળથી આવતી તિજોરી પણ જોબનપગી અને સાથીઓએ લૂંટી લીધી. વડોદરા લશ્કરનો એક અધિકારી ઘાટગે જોબન પગી અને તેના લૂંટારાઓને પકડવા આવ્યો તો તેને પણ જોબન પગીનાં સાથીઓએ રહેંશી નાખ્યો.

આ ઘટનાઓ પછી વડોદરા રાજ્યમાં જોબન પગીને પકડવા કોઈ તૈયાર ન થતું. વડોદરા સરકારે જોબન પગીને પકડવા મોટું ઈનામ પણ જાહેર કર્યું, પણ કોઈ અમલદાર તૈયાર ન થયો. જોબન પગીથી સૌ ડરતા હતા.

બન્યું એવું કે, જોબન પગીના ઘણા સાથીદારોને ત્યાં વિવાહાદિક પ્રસંગો આવ્યા. સૌએ જોબન પગીને વાત કરી. આવી જરુરીયાત ઊભી થાય ત્યારે જોબન પગી ગામ ભાંગે; જેવી જરુરીયાત તેવું ગામ ભાંગે. આ વખતે જરુરીયાત મોટી હતી. એટલે પેટલાદ ગામ ભાંગવાનું નક્કી કર્યું. પેટલાદ પણ વડોદરા રાજ્યનું એક પરગણું. કસિયાભાઈ પેટલાદનો તાબેદાર. જોબન પગીએ કસિયાભાઈનો માઢ લૂંટ્યો ને સાથીઓએ ગામ લૂંટ્યું. પેટલાદની લૂંટ કસિયાભાઈ લાચાર બનીને જોઈ રહ્યો.

એમ કહેવાય છે કે, જોબન પગીએ પેટલાદને બે વાર ધોળે દિવસે લૂંટેલું. જોબન પગીએ બે વાર આણંદને પણ લૂંટેલું. વસો પણ લૂંટેલું.

જોબન પગી ચોરી લૂંટનો માલસામાન અનેક સ્થળે સંતાડે. એવું એક સ્થાન બાકરોલ હતું. ત્યાંના એક પટેલને ત્યાં માલ મૂકેલ. તેના નિકાલ કરવા પોતાના એક સાથી બાપાજી સાથે જોબન પગી બાકરોલ ગયેલ ત્યારે ત્યાંના એક બાવાએ આ માહિતી પેટલાદના અને વસોના સૂબાઓને પહોંચાડી. સરકારી કુમક આવતા જોબન પગી ભરવાડનો વેશ લઈ ભાગી છૂટ્યો. પણ, પછીની ઝપાઝપીમાં સરકારના માણસોએ બાપાજીને પતાવી દીધો. અને પટેલનું ઘર પણ બાળી મૂક્યું. બાપાજીના અવસાન થકી જોબન પગીને ઘણો

આઘાત લાગ્યો. થોડા દિવસ બાદ, જોબન પગી બાપાજીના દીકરા દાજીભાઈને બોરીઆવી લાવ્યા અને નવાં ઘર લઈ આપ્યાં તથા એક રબારીની ૮ વીઘાં જમીન અને ગોસાંઈની ૬ વીઘાં જમીન લઈ આપી. આ બંને જમીનની દક્ષિણ દિશામાં આવેલ એક મોટો ચોખડો કૂવો વડતાલની સીમમાં હતો તે પણ લઈ આપ્યો. આ બાજુ, બાકરોલના બાવાજીનું કુંટંબ પણ જોબન પગીએ ભગવાનને ઘરે પહોંચાડી દીધું.

## જોબન પગી

જોબન પગીએ પંદર વર્ષની નાની ઉંમરમાં ચોરી લૂંટફાટ શરુ કરી અને ટૂંક સમયમાં તો તે આ ક્ષેત્રના 'રાજા' બની ગયા. સં. ૧૮૬૬માં ડભાણ ખાતે તેમણે શ્રીજી મહારાજના હસ્તે વર્તમાન ધરાવ્યા. અને સત્સંગી બન્યા. સં. ૧૮૬૬થી સં. ૧૯૧૭ સુધી એવા સત્સંગી બની રહ્યા કે 'ભક્તરાજ' કહેવાયા. ૫૧ વર્ષ સુધી સત્સંગનાં વર્તમાન પાળી સં. ૧૯૧૭માં ૮૬ વર્ષની ઉંમરે અક્ષરધામનિવાસી થયા.

## જોબન પગીના પર સૂબાઓ

'રાજા' જોબન પગીના બાવન સૂબાઓ હતા, જે સમગ્ર ગુજરાત કાઠિયાવાડમાં જુદાં જુદાં સ્થળોએ સુબાગીરી કરતા. અનગઢ કાનવાડીમાં રહેતો કાનો કારસ્થાની, ઓખામંડળમાં વસઈ ગામે રહેતો ભોજો ભારાડી, પ્રભાસ પાટણમાં રહેતો સોમો સોરઠીઓ, લીંબડી પાસે પાણીશીણા ગામમાં રહેતો કાળો કામળીઓ, ગોહીલવાડનો ગેમો ગારડી, લુણાવાડાના કોઈ ભીલ નેહડામાં રહેતો ઉકો ઉઠણો, સાંબરકાંઠાનો લાખો વડગામો, ચરોતરનો રૂડો રખડુ વગેરે જોબન પગીના મુખ્ય સુબાઓ હતા.

આ બાવન સુબાઓ જોબન પગીના નામે લૂંટફાટ કરતા. આ બાવન લોકોની પોતાની પણ નાની મોટી ટોળીઓ હતી. તેઓ એ ટોળીઓના રાજા કહેવાતા. પણ ખંડિયા રાજા. કેમકે દરેક સુબો પોતાની લૂંટમાંથી ચોથો પાંચમો આઠમો દશમો ભાગ જોબન પગીને આપી જતા.

## ઠાકોર અમરાજી

એ સમયના પંચમહાલ વિસાતરના લુણાવાડા સ્ટેટના વિસ્તારમાં લૂંટફાટ કરતો મશહુર બહારવટિયો ઠાકોર અમરાજી જોબન પગીને પૂરા આદરથી 'જોબન બાપા' કહી સંબોધતો અને કહેતો કે, 'જોબન બાપાને પ્રતાપે હું જીવતો રહ્યો છું.' 'ભક્તરાજ જોબનપગીના લેખક માવદાનજી ભીમજીભાઈ રત્નુને એણે જોબન બાપાના સંસ્મરણો કહેલાં. સંબંધે, જોબન બાપા ઠાકોર અમરાજીના 'દાદાના સગા મામા' થતા.

ઠાકોર અમરાજીએ કહેલું કે, 'જોબન બાપાએ મારા દાદાને એક તીર (ત્રિશૂળના આકારનું) આપેલ, તે રૂપાના પતરાથી મઢેલ છે ને તેનાં ત્રણેય પાંખડાઓમાં 'જોબન ભાયા વડતાલો' એવું નામ કોતરેલ છે. તે અમારો માણસ હાથમાં લઈને જાનમાં આગળ ચાલે અથવા કોઈ શેઠ શાહુકારને ઘેર ચોકીદાર થઈને રહે, તેને કોઈ ચોર લૂંટે લગડે નહિ, એવી જોબન બાપાની હાક હતી. મારા દાદા તેના પંચમહાલ જિલ્લાના માનીતા બાતમીદાર હતા, અને હજારો રૂપિયા લૂંટના જોબનબાપાને ભરતા. એ ત્રિશૂળ મારા ઘરમાં માતાજીનાં મઢમાં અમે રાખી તેને ધૂપદીવો કરીએ છીએ. ને જ્યાં ધાડ પાડવા જઈએ ત્યાં તેને સલામ કરી (પગે લાગી) જોબન બાપાની જય બોલીને જઈએ, એટલે અમારું કામ ફતેહ કરીને આવીએ.'

ઠાકોર અમરાજીએ જયારે આ વાત માવદાનજીભાઈને કહી, ત્યારે તેનાં તાબામાં અઢીસોથી ત્રણસો ભીલ હતા. દશ વરસ તેણે ધાડો પાડેલી. પછી, લુણાવાડાનાં કર્નલ મહારાજા શ્રી વિરભદ્રસિંહે તેને અભય વચન આપતાં, તેણે શરણાગતિ સ્વીકારેલી. મહારાજાએ તેને પેલેસની કોટડીમાં નોકરીએ રાખેલ.

## સૂર્યવંશી જોબન પગી

'જોબન પગી અને એમની જ્ઞાતિ પોતાને સૂર્યવંશી માને. જોબન પગી, તખા પગી, સુંદર પગી અને જુહો પગીએ એક સમે ગઢડા જઈ શ્રીજી મહારાજને જણાવ્યું કે, તેઓ સૂર્યવંશી છે અને કુળદેવતા સૂર્ય છે. માટે, વડતાલમાં સૂર્યદેવ પ્રતિષ્ઠિત કરવા જોઈએ. શ્રીજી મહારાજે સંમતિ આપી. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી વડોદરાના ખારીવાવ ખાતેના સૂર્યમંદિરમાંથી સૂર્યદેવને વડતાલ લાવ્યા ને તેમની વડતાલમાં પ્રતિષ્ઠા કરાઈ. જોબન પગીની જ્ઞાતિના પુરુષોના નામ આગળ ઠાકોર લખાય છે. અને તેમનાં સ્ત્રી પુરુષોનાં નામો ક્ષત્રિયવંશી નામો સાથે મળતાં આવે છે.

## વડોદરા સરકારની સલામીનો ખરીતો

જોબન પગીએ અમરેલી પરગણાની તિજોરી લૂંટી. વડોદરાની ગાયકવાડ સરકાર તેને પકડવામાં નિષ્ફળ ગઈ.

અમરેલી પરગણાની તિજોરી લૂંટવાના બરાબર એક માસ બાદ જોબન પગી અને એના સાથીઓએ ઓખામંડળની તિજોરી લૂંટી. સાથે, વડોદરાની ગાયકવાડ સરકારની લાજ પણ લૂંટાઈ ગઈ.

કફોડી સ્થિતિમાં આવી ગયા વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ બીજા. એક નાનકડા ગામ વડતાલના લૂંટારાને એમનું લશ્કર પકડી શકતું ન હતું. જોબન પગીનો કોઈ સાથી પણ પકડાતો ન હતો કે ફૂટતો ન હતો. ગાયકવાડ લશ્કરનાં સૈનિકો અને અધિકારીઓ દરરોજ મરાતા હતા. વડોદરા રાજ્યનો કોઈ અધિકારી જોબન પગીને ઝડપવાનું બીડું લેવા તૈયાર થતો ન હતો. સૌને એક જ પ્રશ્ન મૂઝવતો, હવે જોબન પગી શું કરશે?

સયાજીરાવ ગાયકવાડની મૂંઝવણ રોજ વધતી જતી હતી. એમને રોજ જુદી જુદી બાતમીઓ મળતી.

કોઈ કહે, જોબન માથે કોઈ પીરનો હાથ છે.

કોઈ કહે, તેની માતાનો તેની પાસે કાળો પછેડો છે, તે ઓઢે એટલે કોઈ તેને ભાળે નહી.

કોઈ કહે, એ એવો શકનાવળી છે કે ધોળે દિએ આંખમાં ધૂળ નાખી ગામ લૂંટી જાય.

કોઈ કહે, તેના માથે કોઈ બંદૂક ફોડે તો ગોળી ન લાગતાં ગોળી નીચે પડી જાય છે; તલવાર ભાલું તેને લાગતાં નથી. તે મંત્રથી હથિયારની ધાર બંધ કરી દીએ છે.

જોબન પગીને તો કોઈએ જોએલ નંઈ, પણ તેનાં વર્ણન પણ કરે. જેમકે, છ હાથ ઊંચો છે, ૭ મણ વજનનો છે, બેય હાથ બંદૂકો ફોડે છે ને તીર છોડે છે ને ઝાડની ડાળે લવિંગ બાંધ્યું હોય તેને આંટી દીએ છે.

લોક તો એમ જ કહે છે, જોબન પગી ઈલ્મી છે. બાકી, વડોદરા રાજ્યના લાખ રૂપિયા કોઈ લૂંટી શકે? વડોદરાના કેટલા બધા સૈનિકોને મારી નાખ્યા એણે. રાજ્યના લશ્કરી અધિકારીઓ પણ એનાથી ડરે છે.

વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડને નવી વાત મળી.

બાતમીદારોએ મહારાજાને જણાવ્યું કે, જોબન પગી સ્વામિનારાયણનો ભક્ત થઈ ગયો છે.

જોબન પગીએ ચોરીનો ધંધો ને ખૂન ખરાબા ન કરવાના તેના ગુરુ પાસે નિયમ લીધા છે.

દરરોજ નાહી ધોઈ પૂજા પાઠ કરે છે અને તીરકામઠીને બદલે માળા ફેરવે છે.

એનું આખું ખોળિયું બદલાઈ ગયું છે.

એક વખત જોબન પગીના નામથી ડરનારો પેટલાદનો કશિયાભાઈ અને જોબન પગી મિત્રો બન્યા છે.

વડોદરાના મહારાજાએ પેટલાદ કશિયાભાઈને આજ્ઞા કરી કે, તમે જોબનના જામીન થઈ, કંઈ પણ બીક ન રાખવાનું તમારા ગળામાં લઈ, જોબન પગીને વડોદરા સરકારની સલામે તેડી આવો.

વડોદરાના મહારાજાએ હુકમમાં એવું પણ લખ્યું કે, જોબન પગી જો સ્વામિનારાયણનો ભક્ત થયો હોય ને હવે ચોરી ખૂન ન કરતો હોય, તો તેના તમામ ગુનાની માફી આપવામાં આવે છે અને તેને પૂરા માનપાનથી વડોદરા સરકારની સલામે તેડી લાવવો.

કશિયાભાઈએ વડોદરા સરકારનો ખરીતો જોબન પગીને વાંચી સંભળાવ્યો ને જોબન પગીની સંમતિથી વડોદરા સરકારની સલામીએ તુરંત પહોંચશે એવો સંમતિ પત્ર પણ સવાર સાથે મોકલાવી દીધો.

## જોબન પગીને જોવાનો દરબાર

કશિયાભાઈની ખાત્રી થકી જોબન પગી વડોદરાના મહારાજાની સલામીએ વડોદરા જવા નીકળ્યા.

જોબન પગીના બે બાતમીદાર અનગઢ અને કાનવાડીવાળાના ઉતારા વડોદરા હતા. પોતાની વડોદરા મુલાકાતનો સંદેશો તેમને કહેવડાવી દીધો. યોજના મુજબ, બાતમીદારો જોબન પગીને તેમના ઉતારે લઈ ગયા.

પેટલાદના કશિયાભાઈ સર સૂબા સાહેબને મળ્યા. એમણે જણાવ્યું કે, વડાદરાના મહારાજા જોબન પગીને નજરે જોવા માગે છે ને તેની વાતો સાંભળવાની ઈચ્છા છે. કંઈ કૂડકપટ કે દગા જેવું નથી. એ દિવસે સાંજે, કશિયાભાઈએ જોબન પગીને મહારાજાની ઈચ્છાની આ વાતો જણાવી.

બીજે દિવસે સોમવાર હતો. વડોદરા રાજ્યમાં કોર્ટ કચેરીઓમાં સોમવારે રજા હોય. આથી વડોદરાના મહારાજાએ ઢંઢેરો પીટાવ્યો. ઢંઢેરામાં જણાવાયું કે, જોબન પગીને જોવાને દરબાર સોમવારે રાખવામાં આવેલ છે અને તેમાં તમામ નાના મોટા અમલદારો, શેઠ શાહુકારો,મહેતા મુત્સદીઓ વગેરે તમામ અધિકારી તથા પ્રજાએ હાજર રહેવું.

સોમવારે સવારે જોબન પગી, તેના સાથીઓ સાથે કશિયાભાઈને ઉતારે પહેંચી ગયો.

કશિયાભાઈના ઉતારે રાજનો ચોપદાર કટકિયાની ફોજ સાથે વાજતોગાજતે સામૈયું લઈ આવ્યો.

જોબન પગી પણ વડોદરાના મહારાજાને પ્રથમ વખત મળતા હતા એ પણ ગુજરાત કાઠિયાવાડના એક બાહોશ બહારવટિયાની જેમ બન્યા ઠન્યા. એમણે પાયજામો લીલી અતલસનો પહેરી માથે અતલસની આસમાની રંગની ડગલી સોનેરી કોર છેડાવાળું બાંધી કમર ઉપર મોટા કસુંબલ રેંટાની ભેઠ વાળી, તેમાં જમૈયા છરી કટાર ખોસ્યાં. ડોકમાં સોનાના બે ગંઠા, કાનમાં ડોળિયા, ફૂલ ચાંપા અને હાથમાં વેઢ વીંટી, પગમાં રૂપાના તોડા પહેર્યા. બાબાસાઈ રૂપિયા જેના પટામાં છે તેવી મખમલની હમેલ ને કમરબંધી બાંધી તેમાં મૂઠવાળી તલવાર નાખી, એક ખભે તીરકાંમઠું અને બીજે ખભે જોટાળી બંધૂક ભરવી. હાથમાં શ્રીજી મહારાજે આપેલી માળા લીધી ને કપાળમાં તિલક ચાલ્લો કર્યો. મોટી મોટી મૂછો હતી ને દાઢી કાળી. એ પર કાળી બુકાની બાંધી. જોબન પગી એક જાજરમાન વ્યક્તિત્વ ભાસતા.

જોબન પગીને લેવા, ચાર બળદો જોડેલ મોટા છ પૈડાનો રંગીત પાટ આવેલ. તેમાં ઊંચી બેઠકે જોબન પગીને બેસાડ્યા. એમની સામે ગાંદલાઓ ઉપર અધિકારીઓ બેઠા. પેટલાદના ઉતારેથી, ઊભી બજારે માંડવી સોંસરા થઈને, રસાલો હજૂર બાગમાં પહોંચ્યો. વડોદરા શહેરમાં લોકો ભારે કૌતુકથી જોબન પગી સામું જોતા.

જોબન પગીની સવારીને વડોદરાના મહારાજાએ ઊંચા ઝરુખા પરથી જોઈ.

વડોદરા સરકારની કચેરીમાં સવારી પહોંચી. આગળ ચોપદાર, પાછળ કશિયોભાઈને તેના પછી જોબન પગી કચેરીમાં દાખલ થયા. જોબન પગીની બેઠક કશિયોભાઈની બાજુમાં એક ગાદલા પર હતી. પોતાની બંધૂક તલવાર ખોળામાં રાખી, વીરાસન વાળી જોબન પગી બેઠા.

વડોદરાના મહારાજા સભામાં પધારતાં સહુ ઊભા થયા ને સલામ ભરી. સરકારે સ્થાન લીધું એટલે ચોપદાર કશિયોભાઈ અને જોબન પગીને સરકારના તખ્ત પાસે તેડી ગયા. કશિયોભાઈના કહ્યા મુજબ, રાજરીતી પ્રમાણે, જોબન પગીએ નજર નોછાવર ધોળ ભેટ વગેરે સરકાર સમક્ષ ધર્યા અને પગે હાથ અડાડી સલામ ભરી.

ગાયકવાડ સરકાર કહે, 'કેમ જોબન પગી, તમે હવે સ્વામિનારાયણના ભગત થઈ ગયા?'

જોબન પગીએ નમ્રતાથી કહ્યું, 'હા, સરકાર, જુઓ, આ હાથમાં માળા છે, ને કપાળમાં તિલક ચાંલ્લો છે, ડોકમાં કંઠી છે.'

ગાયકવાડ સરકાર જોબન પગી સામું જોઈ જ રહ્યા. એનો પોશાક, દાઢી મૂંછ મોટી આંખો, કદાવર શરીર આ બધું સરકાર વારંવાર જોઈ રહ્યા. થોડી વારે સરકારે આસને બેસવા હુકમ કર્યો ને જોબન પગીએ તેમ કર્યું. ત્યારબાદ નાચ ગાન થયાં પણ સરકાર તેમજ સભાની નજર તો જોબન પગી પર જ હતી.

ગાયકવાડ સરકારે જોબન પગીનું સન્માન કર્યું. પોતાની પાસે બોલાવી કહ્યું, 'આજથી તમે મારા રાજ્યના એક બહાદુર પુરુષ છો. હું તમારી બહાદુરીથી ખુશ થઈ, તમે જે કાંઈ ગુના કરેલા છે તે માફ કરું છું. આજથી તમે મારા રાજ્યના એક અમીર છો. એમ કહી, સરકારે એમના હસ્તે 'બહાદુર પુરુષ' ના નામવાળો એક સોનાનો કંઠો જોબન પગીના હાથમાં આપ્યો. આ ઈલ્કાબ આપ્યા પછી, કપડાંના રૂપિયાના ઘરેણાનાં થાળોને સરકારે હાથ અડાડ્યા ને સેવકોએ તે થાળ જોબન પગીના પગ પાસે મૂક્યા. કશિયોભાઈએ, પોતાના માણસોને સૂચના કરી, તે સમગ્ર ભેટ સોગાદ, જોબન પગીના ઉતારે મોકલાવ્યા. સરકારશ્રીની આજ્ઞા થકી, રાજ્યના ચિહ્નવાળો મોટા ચગદાનો હાર જોબન પગીને ડોકમાં પહેરાવવામાં આવ્યો.

ત્યારબાદ સરકારે સભા સમાપ્ત કરી.

સરકાર પણ અન્ય ખંડમાં પધાર્યા. જોબન પગી અને કશિયોભાઈને ત્યાં લઈ જવાયા.

સરકાર હુક્કો પીતા હતા. કશિયોભાઈ અને જોબન પગી માટે પણ રૂપેરી હુક્કા આવ્યા. કશિયાભાઈએ હુક્કો પીવાનું શરું કર્યું. જોબન પગીએ તેમ ન કર્યું, એટલે સરકારે સૂચક નજરે જોયું.

જોબન પગી કહે, 'સરકાર મેં ખૂબ હોક્કા જરદા તમાકુ, ભાંગ, અફીણ, દારુ, ચરસ, ચંડુલ વગેરે અનેક નશા કર્યા છે. પણ ડોકમાં આ કંઠી બાંધી ત્યારથી તો મારે તે બધું, હિંદવાણીને ગાય ને મુસલમાનને સુવર જેવું છે.'

સરકાર કહે, 'આટલાં બધાં પીણાં તમે પીતા હતા ને હવે છોડી દીધાં તે તમને શરીરમાં કાંઈ દુખ માથું દુખવું, તાવ ઝાડા વગેરે અફીણના બંધાણીને થાય તેવું નથી થતું.'

જોબન પગીએ બે હાથ જોડ્યા અને કહ્યું, 'શરુઆતમાં લગભગ એકાદ મહીનો પીડા ભોગવી પણ કાળજું કઠણ કરી, દૃઢ મનોબળથી, એ બધી પીડા સહન કરી. હવે કોઈપણ દુઃખ નથી.'

'જોબન પગી, તમે આ કશિયોભાઈને બહુ હેરાન કર્યા, ને ઘણી વાર પેટલાદ લૂંટ્યું, તેની તિજોરીઓ તોડી, લઈ ગયા. અને હવે બેય ભાઈબંધ થઈ સાથે રહો છો. કેમ કશિયોભાઈ, જોબનની બીક લાગતી નથી?' સરકારે પૂછ્યું.

'સરકાર! એ તો હવે એક માંકડ પણ નથી મારતો. એટલે મને શાની બીક હોય? નહીંતર, તો હું તેના સામું જોઈને વાત પણ ના કરી શકું. હવે તો તે લૂંટારાનો રાજા જોબન પગી મટીને જોબન ભગત થયો છે.' કશિયોભાઈએ કહ્યું.'

'જોબન પગી, તમારે દરરોજ બપોરે ચાર વાગે મને મળવું અને તમારી લૂંટફાંટની વાતો સંભળાવવી. કશિયોભાઈ, તમારે પણ સાથે આવવું.' સરકારશ્રીએ આજ્ઞા કરી.

દરરોજ જોબન પગી અને કશિયોભાઈ, રાજ્યના વાહનમાં કચેરીએ જતા. સરકારની ખાનગી મિજલસમાં જોબન પગી પોતાની લૂંટફાંટની વાતો કરતા જે સરકાર તથા કચેરી સાંભળે. આમ, પંદર દિવસ ચાલ્યું. સરકાર ખૂબ રાજી થયા. કશિયોભાઈને સરકારે જવાની રજા આપી ને જોબન પગીને પોતાની પાસે રાખ્યા.'

## જોબનપગીએ ગાયકવાડ સરકારની ઘોડી ચોરી

જોબન પગી વડોદરા રાજાના મહેમાન તરીકે એક માસ રહ્યા. જોબન પગીએ એક દિવસ સરકાર પાસે વતન પરત ફરવાની રજા માગી.

વડોદરાના મહારાજાએ કહ્યું, 'જોબન પગી! તમારા પરાક્રમોની વાતો મેં સાંભળી હતી, બરાબર તમે તેવા જ છો. પણ, મારી ઈચ્છા છે કે, મારા દરબારગઢમાં રહી, કાંઈક તમારી કળા મને બતાવો.'

'બાપુ! આવા જાપ્તામાં ને ચોકી પહેરામાં હું એકલો કંઈ કળા બતાવી ન શકુ. તેમ મેં ચોરી ન કરવાનું નિયમ લીધું છે તેનું કેમ થાય?' જોબન પગીએ નમ્ર સ્વરે પ્રાર્થ્યું.

સરકારશ્રી કહે, 'તમો બદદાનતથી ચોરી નથી કરતા

પણ એક તમારા માલિકને તમારી ચાતુરી બતાવવાનો પ્રયોગ કરો છો તેમાં નિયમ ભંગ ન થાય. માટે મને એક વખત કળા બતાવો.'

ખાનગી કચેરીના માણસોએ પણ સરકારશ્રીની વાતને સમર્થન આપ્યું.

જોબન પગીએ સરકારની વાત સ્વીકારી. પણ રજૂઆત કરી, મને આપના દરબારગઢની અંદર રાત્રિદિવસ રહેવા દો ને એક માસની મુદત આપો.

સરકારશ્રીએ જોબન પગીનો ઉતારો પોતાના ઝરુખા સામે કરાવ્યો. સરકારશ્રી જોબન પગીને પોતાની ઘોડાર, ખજાનો, તોપખાનું, શસ્ત્રો રાખવાના ઓરડાઓ, સૂવા બેસવાના ઓરડાઓ આમ બધું બતાવતા અને પોતાના કુંટુંબના માણસની જેમ જોબન પગીને સાચવતા.

એક દિવસ જોબન પગી એમના ઉતારે સુતા હતા. વહેલી પરોઢે એમને ઘોડાના ડાબલાનો અવાજ સંભળાયો. જોબન પગીએ જાળી ખોલી જોયું તો, સરકાર ઘોડે સવાર થઈ દરબારગઢને દરવાજે સૂતેલા દરવાણીને પોતાની સોટી અડાડી જગાડી, દરવાજો ખોલાવી બહાર ગયા. લગભગ દોઢ બે કલાક બાદ સૂરજનારાયણ ઉગ્યા પહેલાં પરત આવ્યા ને પોતાને હાથે ઘોડી ઘોડારમાં બાંધી, અગાસીમાં સૂઈ ગયા. ચોથે દિવસે પણ આવું જ બન્યું.

જોબન પગીએ તપાસ કરતાં એને કેટલીક માહિતી મળી. જે ઘોડી પર સવાર થઈ સરકાર જતા એ ઘોડી ગંધીલી જાતિની હતી. આ ઘોડી પોતાના માલિકના પસીનાની ગંધને સૂંઘીને ઓળખે, એટલે જો બીજો માણસ તેની નજીક જાય તો તેને બટકું ભરે. જોબન પગીએ એ પણ જોયું કે, આ ઘોડીને ગમાણમાં ઘાસ ચંદી દૂરથી નાખવામાં આવતું. પાણી પણ એક મોટી ગરણીમાં નળનું ભૂંગળું ભરાવી પીવાની કૂંડીમાં રેડાતું તે પાણી ઘોડી પીતી.લાંબા હાથવાળા પાવડાથી તેની લાદ આગળ ઘસડી કાઢી, છાણને ધોઈને સાફ કરતા પણ કોઈ ચાકર તેની પાસે જઈ શકતો નહિ.

વડોદરા સરકાર જમીને આરામ કરે. સાંજની કચેરી પાંચ વાગે ભરાય. એક દિવસ સરકાર આરામમાં ગયા એટલે જોબન પગી ઘોડો લઈ ફરવા નીકળી પડ્યા. ચાર પાંચ દિવસમાં તો વડોદરાની ચારેય દિશાઓ ખૂંદી વળી, વડોદરાથી બે ગાઉ ઉપર એક ઊંડું કોતર ખોળી કાઢ્યું. ત્યાં કોઈથી જવાય નહિ. ઊંડી ખીણ હતી ને વાંકાચૂકા ઉતરાણવાળીમાં એક નાની ખીજડી હતી. જોબન પગીએ એ જગ્યા પસંદ કરી. એની ચારે બાજુ તપાસી લીધી.

એક દિવસ રાત્રે બે વાગે જોબન પગી ઊઠ્યા. અંધારિયું પખવાડિયું હતું. હજી ચન્દ્ર ઉગ્યો ન હતો. તેલ ભરેલાં કોડિયાં ટમટમતા હતાં. જોબન પગીએ તે ઓલવી નાંખ્યા. સરકાર જે અગાશીમાં સૂતા હતા તે અગાશીને કઠેડે ચંદનઘોનો ઘા કર્યો ને તેને કઠેડો બરાબર પકડાવ્યો. ચંદન ઘો સાથે બાંધેલ હીરની દોરી ખૂબ ખેંચી, નીચે કમાડના કડા સાથે બાંધી દીધી. તેના આધારે જોબન પગી અગાશીમાં પહોંચી, સરકારનો ઝભ્ભો લઈ પહેરી લીધો ને સરકારની પાઘડી પહેરી લીધી ને સરકારની સોટી હાથમાં લઈ જેમ ઉપર ચઢ્યા તેમ નીચે ઉતરી સીધો ઘોડારમાં પહોંચી ગયા. સરકારનાં વસ્ત્રો હતાં જેથી ઘોડીએ જોબન પગીને લગામ છોડવા દીધી. જોબન પગી ગંધીલી ઘોડી પર સવાર થઈ, દરવાજે જઈ, દરવાનને સોટી અડાડતાં તે જાગ્યો અને આંખો ચોળતા સલામ કરી, મુજરો કરી, દરવાજાનું કમાડ ખોલી આપ્યું. થોડી વારમાં જોબન પગી ઘોડી પર ખીજડીવાડા કોતરે પહોંચી, ઘોડીને પગે લાગી, પોતાના માણસે આપેલ ઘોડી પર બેસી મહેલના દરવાજે પહોંચી, ત્યાં ઊભેલા માણસને ઘોડો આપી, દરવાજામાં થઈ મહેલમાં પહોંચ્યા. પછી રસ્સી વડે અગાશી પર પહોંચી સરકારશ્રીનો ઝભ્ભો ઉતારી, પાઘ ઉતારી, લાકડા સાથે યથાસ્થાને મૂકી દીધાં. નીચે ઉતરી, ઘોને છોડી, સંકેલી પેટીમાં પૂરી દીધી ને ઉતારે જઈ સૂઈ ગયા. સરકારશ્રી તૈયાર થઈ ખાનગી કચેરીમાં પધાર્યા. જોબન પગી પણ નિયમ પ્રમાણે પહોંચી ગયા. સરકાર કહે, 'જોબન પગી આજ તો મને સવારની ઠંડી પડતી ગઈ તેમ ઊંઘ પણ આવતી ગઈ. એથી આજ મોંડું થયું.'

કાવા - કસુંબા, નાસ્તા ઠુંગા, પાન સોપારી વગેરે હાજર થતાં સહુ ડાયરાએ લીધાં. જોબન પગીએ પણ નાસ્તા પાણી કરી, બધા સાથે ગપ્પાં માર્યા.

એ સમયે ત્યા ઘોડારનો ઉપરી અધિકારીએ આવી મુજરો કરી સલામ ભરી રજૂઆત કરી, 'નામદાર સરકારશ્રી! આજે આપે ઘોડીને છાણમાં નહીં બાંધતાં ક્યા બાંધી છે? છાણમાં ઘોડી નથી.'

એ સાંભળતા જ સરકાર ઊભા થયા અને ઘોડાર તરફ ચાલ્યા. એમની પાછળ તમામ ડાયરો, જોબન પગી સહિત, ચાલ્યો.

છાણમાં ઘોડી ન જોતાં, સરકાર તો આશ્ચર્યમાં પડી ગયા. બોલ્યા, ઘોડી મારા વિના કોઈને ખીલેથી છોડવા ન દે, તે ઘોડી સરક, જીન, લગામ સહિત ક્યાં ગૂમ થઈ ગઈ?.

દરવાનને બોલાવાયો. તે કરગર્યો, 'અન્નદાતાજી, સરકારની સવારી દરવાજે આવતાં મને જગાડતાં મેં દરવાજો ખોલી આપેલ ને સરકાર સવારીમાં પધારી જતાં એક બારણું અધખોલું રાખી, હું સૂઈ ગયો. આપ પાછા ક્યારે પધાર્યા તે મને ઊંઘમાં ખબર ન પડી.'

સરકાર કહે, ' હું આજે બહુ જ ઊંઘ આવતા સૂઈ ગયેલ, ફરવા ગયો નથી, તે મને ક્યાંથી જોયો? કદાચ સ્વપ્નું આવ્યું હશે, એટલે તે ઉઠી દરવાજો ખોલી આપ્યો હશે.'

વડોદરા રાજ્યના અધિકારીઓ હાજર થઈ ગયા ને ઘોડીની શોધખોળ આરંભી દીધી.

મહેલના દેવઘરના પૂજારી શાસ્ત્રીજી આવ્યા. સરકારને આશ્વાસન આપતાં કહે, સરસ દેવાંગી જાતિની ઘોડી હતી. તે ઉચ્ચૈશ્રવા ઘોડો સમુદ્રમાંથી જેમ ઉત્પન્ન થયો હતો તેમ આ ઘોડી પણ આપ દેવાંશી રાજવી છો, તે આપની સેવા કરી અદ્દશ્ય થઈ ગઈ. ગઈ વસ્તુનો શોક ન કરવો એમ શાસ્ત્રો કહે છે.

રાજ્ય બારોટ આવ્યા. ઘોડાની શુભાશુભ ભમરીઓ અને જાતિનું શાલિહોત્ર શાસ્ત્રના પ્રમાણ આપી, સરકારને પ્રાર્થના કરી કે, બાપજી, એ ઘોડી તો કોઈ ઈન્દ્રની અપ્સરાએ અવતાર લઈ આપની સેવા કરી; તેની ઈચ્છા થતાં ઈન્દ્રપુરીમાં ઉડી ગઈ. નહિ તો આવો જાપ્તો અને નિજ ભુવનના આંગણામાંથી ઘોડી ક્યાં જાય? માટે પ્રભુની માયા છે, તે જેમ રાખે તેમ રહેવું.

ગામમાંથી શેઠ શાહુકારો મહાજનો આવ્યા. પ્રાર્થના કરી કે, એના જેવી જ બીજી ઘોડી ખરીદી લાવવા સોદાગરોને મોકલવા વિનંતી છે. તેનું ખર્ચ જે આવશે તે પ્રજા આપશે.

બપોરના જમવાના થાળો લાવવાની આજ્ઞા માગવા હજૂરી સેવક આવ્યો. સરકાર કહે, 'મારે તો તે ઘોડી કેમ અલોપ થઈ? કેવી રીતે ઉડી ગઈ? અથવા જીન લગામ ચઢાવી કોણ લઈ ગયું? તે બાબતનો નિર્ણય ન થાય ત્યાં સુધી જમવું નથી. તમો સહુ તમારાથી બનતો તમામ ઈલાજ અજમાવો. આટલા પહેરેગીરો, આટલી પલટણ, આવો જાપ્તો, તેમાં મારી ગંધીલી ઘોડી ગૂમ કેમ થાય? એ જ મને વિચાર રહે છે. ભલે તેવી નહીં તો તેનાથી હલકી બીજી ઘોડી મને મલશે, પણ મારા નિજ ભુવનના આ આંગણામાંથી ઘોડી કોણ લઈ જાય? તેનો જ્યાં સુધી તમો પત્તો નહીં મેળવી આપો ત્યાં સુધી, તમારા ને તમારી પલટણના પગારો હું બંધ કરું છું. માટે જાવ.'

સરકાર તો જમ્યા વગર પોતાના આવાસમાં પધારી ગયા.

સરસૂબાએ મોટા જોશી પાસે જોશ જોવડાવ્યા. જોશી કહે, 'ઘોડી દેવાંગી કોઈ દેવતાઈરૂપે આંહી અવતરેલ, તે જેમ કામધેનુ આંહી જન્મીને સ્વર્ગમાં અલોપ થઈ ગઈ. અથવા ઘણા ઘણા શ્રાપિત ગાધર્વો, અપ્સરાઓ, ભીષ્મ પિતાના માતા ગંગાજી, જ્યાં સુધી રહેવું હતું ત્યાં સુધી પૃથ્વી પર રહી સ્વર્ગમાં અદ્દશ્ય થઈ ગયાં, તેમજ આ ઘોડીનું પણ સમજો.'

સાંજે કચેરી ભરાઈ. કોઈ સગડની વાત ન મળતાં, સરકારે કચેરી બરખાસ્ત કરી. પોતે ખાનગી કચેરીમાં ગયા. જોબન પગીને પણ સાથે લઈ ગયા. સરકાર જમ્યા ન હતા તેથી જોબન પગીએ પણ ખાધું ન હતું.

સાંજના પાંચ વાગ્યાના ડંકા દરવાણે બજાવ્યા. સરકારે જોબન પગી સામું જોઈ કહ્યું, 'જોબન, તું તો હવે ભગત થઈ ગયો છે. તું મારા દરબારમાં મહેમાન ને મારી ઘોડી જાય એ તને કલંક ન ચડે?

જોબન પગીએ હાથ જોડ્યા. કહે, 'બાપજી! હું તો પાણીમાંથી ય પગ પારખું, પણ આમાં કાળા પાણાની લાદીમાં પગેરું ક્યાંથી ચાલે? આપના હજાર હજારના પગાર ખાનારા સાંજ પડવા આવી, તોય ઘોડી ક્યાં ગઈ તેનો નિર્ણય ન કરી શખ્યા, હું તો તમારા નજરકેદી જેવો રાતદિવસ આપની સેવામાં કિલ્લામાં બેઠો છું. ઈ તો દેવાંગી ઘોડી તે દેવલોકમાં ગઈ.'

સરકાર ગળગળા થયા. કહે, 'જોબન! તેં ચોરી કરવાની ઘણી ઘણી વાતો કરી. તેમાં તમારા શુકન જોવાની પણ વાતો આવતી. અમારા મોટા જોશીથી પણ ન જોઈ શકાય તેવી તમારી શુકન જોવાની કળા છે. તો હવે તમારા ઈષ્ટદેવને સંભારી, શુકન જોઈ, મને જણાવો કે, મારી ઘોડી પાછી મળશે કે નહીં મળે?'

આમ વાત થાય છે ત્યાં, દરબારગઢના દેવઘરની ધજા માથે બેસી કાગડો બોલ્યો. જોબન પગીએ તેના સામું જોયું. સરસ તક સામે ચાલી આવી. એટલે જોબન પગીએ આંખો મીંચી, શ્રીજી મહારાજનું સ્મરણ કર્યું. કહે, 'સરકાર! કરવું ન કરવું, થવું ન થવું, મળવું ન મળવું એ બધું ભગવાનના હાથમાં છે, પણ અત્યારે આપણા દેવઘરની ધજા ઉપર બેસી કાગઋષિ કહે છે કે, માનો કે ન માનો, પણ તમારી ઘોડી સીમ બહાર નથી. ને તમને જરુર પાછી મળશે.'

એટલામાં ફરી કાગડો બોલ્યો. એટલે બધાને જોબનની વાતમાં રસ પડ્યો. જોબનને થયું, ગુજરાતના બાદશાહને ભૂખ્યા નથી રાખવા. જોબન પગીએ અરજ કરી, 'સરકાર! મારું શુકન અત્યારે આપની ફતેહવાળું છે. તો અત્યારે તમારા મોટામાં મોટા જે પલટણના ઉપરી હોય તેને આંહી હાજર કરો ને તપાસનો અંજામ પૂછો. જો ઘોડીનું પગેરું ન મેળવી શક્યા હોય તો આંહી નજરકેદ કરી રુમમાં પૂરી દો. બધી તપાસ બંધ કરાવી દો. રસ્તો આપોઆપ નીકળશે.'

સરકારે તેમ કર્યું. જોબનપગી કહે, 'હજુરશ્રી અત્યારે બરાબર ગોધૂલિક વેળાનું શુકન છે. આપને ઘોડી સહી સલામત મેળવવી હોય તો ચાલો મારી સાથે.'

જોબન પગી સાથે, સરકારશ્રી ચાલી નીકળ્યા. જોબન પગી બસ ચાલે જ જતા હતા. બે ચાર માઈલ આડા અવળા ફેરવી, જોબન પગીએ ઊંડા કોતર બાજુ ઘોડા વાળ્યા. ઘોડીને સરકારની ગંધ આવતાં, તે હાવળું કરવા લાગી (હણહણવા લાગી).

સરકાર કહે, 'જોબન! આ હાવળ મારી ઘોડીની જ છે. આટલામાં જ હોવી જોઈએ.'

જોબન પગી સાવચેતી પૂર્વક ખીજડાવાળી જગ્યા બાજુ સરકારને લઈ ગયા. સરકારે ઘોડા પરથી ઉતરી, બાપો બાપો, ગંધીલી ગંધીલી, બેટા બેટા એમ હેતવાળા વચને ઘોડીને બોલાવી. સરકાર નજીક ગયા એટલે તેમના પસીનાની ગંધ પારખી, ઘોડી ગેલ કરવા માંડી. સરકારે ખીજડીથી સરક છોડવા મહેનત કરી, પણ ગાંઠ ગંઠાઈ ગઈ હોવાથી ન છૂટી. જોબન પગીએ છરીનો ઘા કર્યો. સરકારે તે છરીથી સરક કાપી નાંખી. સરકાર ઘોડી પર બેસી મહેલ તરફ ચાલ્યા. જોબન પગીએ પણ પોતાના ઘોડા પર બેસી, બીજા ઘોડાની લગામ હાથમાં ઝાલી, પાછળ ચાલવા માંડ્યું. ઘોડીને ઘોડારમાં મૂકી, તેને ખવરાવી સરકાર મહેલમાં ગયા.

સરકારે અટકમાં રાખેલ અધિકારીઓને મુક્ત કર્યા. સવારે દરબાર ભરવાનો હુકમ કરાવ્યો. સવારે દરબારમાં સહુ પ્રજા અને સંધીઓએ સરકારને ઘોળ નજરાણું કર્યું. સરકાર તરફથી શહેરના છોકરાઓને સાકર અને મીઠાઈ વહેંચવામાં આવી. દેવમંદિરોમાં દીપમાળાઓ પૂરવામાં આળી. વડોદરા શહેરની શહેર ચોરાશી કરાઈ. ગાયોને લીલાં ઘાસ નંખાવ્યા. હજારો રૂપિયાની દાન ખેરાત કરાઈ. દરબારમાં ગાનતાન નવાજેશો થઈ. બપોરે સભા બરખાસ્ત થઈ.

સાંજે ખાનગી કચેરીમાં જોબન પગીએ વિનંતી કરી, 'સરકાર! હવે મને વડતાલ જવા રજા આપો. આપે મને ફરમાવેલ અમારી ચોરવિદ્યાનો ચમત્કાર જોયો અને તે પણ એક માસની મુદતમાં જ મેં બતાવ્યો. તો હવે કૃપા કરી મને ઘેર જવાની રજા આપો.'

'જોબન! આ હકીકત કેમ બની તે હજુ સમજાતુ નથી. સમજાવો.' સરકારે કહ્યું.

જોબન પગી કહે, 'સરકાર! ગુન્હો માફ કરો તો કહું.'

સરકારે વચન આપ્યું. જોબન પગીએ ઘોડી ચોરવા કરેલી તમામ બાબતો વિગતે કહી સંભળાવી. એ સાંભળી, સરકાર ખૂબ રાજી થયા. બીજા દિવસે સરકારે, જોબન પગીને એક બિકાનેરી ઊંટિયો, બે ઘોડા, કપડાં, ઘરેણાં ને બાબાસાઈ રૂપિયાનો થાળ ભરીને શીખ આપી.

જોબન પગીએ વડોદરાના રાજાના મહેલમાં બે માસ મહેમાનગીરી માણ્યાની વાત વડતાલ ખાતે પ્રથમ બ્રહ્માનંદ સ્વામીને અને પછી શ્રીજી મહારાજને પણ વિગતે કહી. આ સાંભળી શ્રીજી મહારાજે જોબન પગીનો વાંસો થાબડેલ. જોબન પગી બોલ્યા, 'એ આપનો પ્રતાપ'.

## જોબન પગી જીવન પરિવર્તન મન કર્મ વચનનું

જોબન પગીનો પત્ર લઈ જાસુજી પગી ગઢડા પહોંચ્યા. શ્રીજીને ચરણે પત્ર ધર્યો.

'બાપજી! મેં ગયે વરસે ફૂલડોલના ઉછવમાં આપને વિનંતી કરી હતી કે, આવતે વરસે પણ આંહી પધારી મારે આંગણે ફૂલડોલનો ઉછવ કરવો. ફૂલડોલના દિવસો હવે ઢૂકડા આવ્યા છે પણ આપનાં તરફથી સમાચાર નથી તો મને ચિંતા થાય છે. બાપા ! આ દાસની વિનંતી તમે વિસરી ગયા લાગો છો. તો હું પાઘડી ઉતારી કરગરી કહું છું કે, ઓણનો ફૂલડોલનો ઉછવ કરવા, આપશ્રી તમામ પરમહંસો અને શ્રી દાદા ખાચર આદિ સખાઓ સાથે આંહી પધારો. એક બીજી પણ અરજ કરું છું કે, આપ દેશદેશના હરિભક્તો ફૂલડોલ ઉપર વડતાલ આવે એવી કંકોત્રીઓ લખાવી મોકલવા કૃપા કરજો. કારણ કે, ગયે વરસે આપ બારબારણાને હિંડોળે ઝૂલી, દિવ્ય દર્શન આપેલ તે અમે ફક્ત વડતાલવાસીએ જ દર્શન કર્યા છે, તો હવે તે સહુ કરે. વળી, સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ તે હિંડોળાનું કામ અધૂરું હતું, તે પૂરું કરી, થાંભલીઉં, કઠોડો તેની ચોફેરતા ટોચકાઓ જડી, માથે શિખર સોનેરી રૂપેરી કરી, કળશની ટબુડીઓ ચડાવી સંપૂર્ણ કર્યો છે. તો તેમાં ઝૂલી અમોને સહુને દર્શન દઈ અમારા મનોરથ પૂર્ણ કરો. જરુર પધારજો એવી મારી વિનંતી છે. ચરણ સેવક જોબન ભાયાના દંડવત.'

જાસુજી પગીને થાળ જમાડી ઉત્તર લખી આપ્યો કે, 'અમો ત્યાં ફૂલડોલનો ઉત્સવ કરવા આવશું અને સંતોને મોકલ્યા છે. તે કહે તેમ સઘળી તૈયારી કરાવજો.'

પછી શ્રીજી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને આજ્ઞા કરી કે, 'સ્વામી! તમો ત્યાં અગાઉથી જાવ અને ઉત્સવની સામગ્રી તૈયાર કરાવો. તેમજ તમો જ્ઞાનબાગમાં રંગે રમવાના જો પાકા હોજ કરાવો તો વરસો વરસની ઉપાધિ મટે. અને તેમાં જોબન પગીની મદદ લેજો.'

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી પોતાના મંડળ સાથે વડતાલ પહોંચ્યા.

બ્રહ્માનંદ સ્વામીના કહ્યા મુજબ, જ્ઞાનબાગ ખાતે બે મોટા લંબચોરસ હોજ અને સુંદર ઓટાનું નિર્માણ થઈ ગયું.

પછી બ્રહ્માનંદ સ્વામી કહે, 'જોબન પગી, તમારી વિનંતી મહારાજે સ્વીકારી છે. ફૂલડોલનો મહોત્સવ વડતાલ થતાં આંહી સહુને આવવાની કંકોત્રીઓ પણ દેશાવરમાં લખાવી છે.ને પોતે સહુ પરમહંસો અને દરબારશ્રી ઝીણાભાઈ તેમજ દાદા ખાચર આદિ હરિભક્તો ને સોરઠી સંઘ સાથે આંહી પધારશે. તેથી આપણે પ્રથમ તેઓની સરભરા માટે તંબૂ, રાવટીયું, સમિયાણાં, સાથે રસોઈ કરવા મોટાં મોટાં માણસો, ગાદલાં ગોદડાં, બુંગણ, પાગરણ વગેરે ઘણી ઘણી ચીજવસ્તુઓનો ખપ પડશે. વડતાલ ગામ નાનું છે, તો આસપાસનાં ગામોમાંથી એ બધું મેળવી તમો તેનો બંદોબસ્ત કરો.

જોબન પગી કહે, 'સ્વામી! કાલનો દિવસ જાળવી જાવ. હું શ્રીજી મહારાજને સંભારી, કાલે એક ઠેકાણેથી, તમે કહ્યું તે તમામ માલ મેળવવાનો પ્રયાસ કરી જોઉં.'

સ્વામી હસ્યા. કહે, 'ક્યાંય ધાડું તો નથી પાડવું ને?'

જોબન પગી કહે, 'સ્વામી! હવે તો તેવું સોણું પણ ન આવો. પણ મારું નામ સાંભળી જેઓને મરવાની બીક લાગતી હતી તે સહુ, વગર મારે મારા નામ ઉપર માલ આપે છે કે નહીં? તેની જરા ચકાસણી કરવી છે. પછી તો શ્રીજી મહારાજ બધું પૂરું કરશે.'

બીજે દિવસે મોટે પરોઢિયે, જોબન પગી બહાર ગામ જવા સજ્જ થયા. તેમના ૨૩-૩૦ ભીલો પણ તૈયાર થયા. રૂડો રખડું કાળિયા ઊંટ પર કાઠુ મેલીને લાવ્યો. જોબન પગી તેના પર બેઠા અને રસાલો પેટલાદ તરફ ચાલ્યો.

પેટલાદ પહોંચ્યા ત્યારે દિવસ ઊગ્યો. ભીલો કહે, 'જોબન બાપા! અમારે અફીણનો ઉતાર થયો છે. તો આંહી કસુંબા પાણી પી અને પછી તમે કહો તેમ કરીએ.'

સામે ધર્મશાળા દેખાતાં, જોબન પગીએ તેના બારણામાં ઊંટ ઝૂકાવ્યો. સહુ ધર્મશાળામાં દાખલ થયા. ધર્મશાળાવાળો તો જોબનપગી અને સાથીઓ જોઈ ધ્રુજવા લાગ્યો.

જોબન પગી તેને કહે, 'તું બી માં. અમારે આંહી કસુંબા પાણી કરીને પછી ચાલ્યા જવું છે. માટે પાથરવા માટે થોડું પાગરણ દે અને પાણી દે.'

ધર્મશાળાના રખેવાળે બુંગણ (મોદ) પાથરી દીધી. મોદ માથે ગાદલું નાખ્યું. દાતણ કરવા પાણીનો હાંડો, કળશો આપ્યા. સહુ કસુંબો કરવા લાગ્યા.

રૂડા રખડું પાસે કૂવામાંથી પાણી સીંચાવી, સ્નાન કરી, જોબન પગી પૂજા પાઠ કરવા બેઠા. બાકીના તૈયાર થઈ ઝાંપે ઊભા રહેવા લાગ્યા.

ગામમાંથી પાણી ભરવા આવતી પાણિયારીઓ આ બધાને જોઈ ભડકી. જોબન પગીની ધાડ આવી છે તેવી બૂમો પાડતી ગામ ભણી દોડી. બજાર બંધ થવા માંડ્યું.

પેટલાદ પરગણાના ઈજારદાર કશિયોભાઈ પોતાની ડેલીના ઓટલે બેસી દાતણ કરતા હતા. તેમણે પણ જોબન આવવાની વાત સાંભળી. આરબને દરવાજો બંધ કરવાનું કહી, પોતે માઢ મેડી માથે ચડી ગયા.

જોબન પગી કશિયોભાઈની ડેલીએ પહોંચ્યા. ડેલી ખોલવા બૂમો પાડી.કોઈએ જવાબ ન આપ્યો કે કોઈએ બારણું ન ખોલ્યું.

જોબન પગીએ તીર કાઢ્યું. માઢ મેડીની બંધ બારીને માર્યું. પછી જોરથી બોલ્યા, 'કશિયોભાઈ બીઓ માં. મારે લૂંટફાટ નથી કરવી. પણ તમારું મારે થોડું કામ પડ્યું છે તેથી તમારી સાથે રૂબરૂ થોડીક વાતચીત કરવી છે. હું તો હવે સ્વામિનારાયણ ભગવાનનો ભક્ત થઈ ગયો છું. બારી ઉઘાડી મારી સામું જુઓ. મારા ગળામાં કંઠી છે અને કપાળમાં તિલક ચાંલ્લો છે. એટલે માંકડને પણ હવે હું મારતો નથી. તો તમે હવે નિર્ભય રહો.'

કશિયોભાઈએ જોબન પગીની વાત સાંભળી. બારી ખોલી જોયું તો જોબનની વાતની ખાત્રી થઈ. એટલે એમણે આરબ દરવાનને દરવાજો ખોલવા આજ્ઞા આપી. કશિયોભાઈ નીચે આવ્યા. જોબન પગી સાથે આવેલા માણસોને કાવા કસુંબા પાવાનું કહી, બીજા બધાને ત્યાં બેસવાનું કહી, જોબન પગીનો હાથ ઝાલી માઢ મેડી ઉપર લઈ જઈ પોતા પડખે બેસાડ્યા. બે હાથ જોડી કશિયોભાઈએ વિનંતી કરી, 'બોલો, મારું એવું જરુરી શું કામ પડ્યું છે? જેમ કહો તેમ કરી દઉં.'

પોતાની સામે ધ્રુજતા કશિયોભાઈને જોબન પગી કહે, 'કશિયોભાઈ! તમે મારા કપાળમાં તિલક ચાલ્લો અને કંઠમાં કંઠી ભાળી, તોય હજી મારો વિશ્વાસ નથી આવતો ને ધ્રુજો છો? હું દગો કરવા નથી આવ્યો. પણ, મારા ગુરુ સ્વામિનારાયણ પોતે ફૂલડોલનો ઉછવ કરવા વડતાલ પધારે છે તેમની સાથે કાઠી દરબારો, બીજા મોટા મોટા જાગીરદારો, શેઠ શાહુકારો અને પાંચસો પરમહંસો, આમ હજારો માણસો મારા આમંત્રણથી આવે છે. તો તેની સરભરા કરવા માટે હું તમારી પાસે થોડી મદદ લેવા આવ્યો છું. બોલો, શું મદદ આપશો?'

કશિયોભાઈને રાહત થઈ. કહે, 'જોબનભાઈ, આ દરબારગઢમાં જે કંઈ ચીજવસ્તુ છે તે તમારી છે. તેમજ પેટલાદ પરગણાનાં જેટલાં ગામડાં છે તે તમામમાંથી તમારે જે જે વસ્તુ જોઈતી હોય તેની તમે મને નોંધ કરાવી દો એટલે હું તે વસ્તુઓ વડતાલ પહોંચાડી દઉં.'

કશિયોભાઈએ પોતાના મહેતાને બોલાવ્યો અને જોબન પગીએ જોઈતી વસ્તુઓની યાદી તેને લખાવી. મહેતાએ આ માલસામાન મંગાવવાનું અને વડતાલ પહોંચાડવાનું શરું કર્યું.

જમવાનો સમય થતાં, કશિયોભાઈએ જોબન પગીને પોતાની સાથે જમાડ્યા ને સાથે આવેલ તમામ માણસોને પણ જમાડ્યા.

કશિયોભાઈ કહે, 'હવે બોલો?'

જોબન પગી કહે, 'બરાબર હુતાશનીના પડવાને દિવસે તમારે સવારમાં મારા ગુરુના દર્શન કરવા તમારા તમામ કુંટુંબ સાથે આવવાનું.'

એમ કહી જોબન પગીએ સ્વામિનારાયણની જય બોલી, અને ઊંટ પર પલાણ કર્યું. તેમના સાથીઓએ પણ સ્વામિનારાયણની જય બોલી બંધૂકો ફોડી ખાલી કરી નાખી.

કશિયોભાઈએ પણ બે હાથ જોડી કહ્યું, 'જય શ્રી સ્વામિનારાયણ.'

એક જ દિવસમાં જોઈતો સર્વ સામાન લાવી, પોતાના નામનો હજીયે સિક્કો પડે છે, તેની ચકાસણી કરી જોઈ.

## ચરોતરના સૌ જીવો માટે અન્ન પાણીનું અભયદાન માગ્યું

વડતાલમાં એક સમે શ્રીહરિએ ડોલોત્સવ કર્યો. જોબન પગીએ એ માટે પ્રાર્થના કરી. બ્રહ્માનંદ સ્વામીના સાનિધ્યમાં જોબન પગીએ બધી વ્યવસ્થા ઊભી કરી હતી. આ ડોલોત્સવના આગલા વર્ષે પણ શ્રીહરિએ વડતાલમાં જ ડોલોત્સવ ઉજવેલો. તે ડોલોત્સવમાં નિષ્કુળાનંદ સ્વામીએ બાર બારણાનો હીંડોળો બનાવેલ. બ્રહ્મકમંડળ અને નિત્યમુનિકમંડળ નામના આ હોજ આજે પણ જ્ઞાનબાગ વડતાલ ખાતે પ્રસાદીના હોજ તરીકે ઓળખાય છે.

પ્રસન્ન થયેલા શ્રીજી મહારાજે જોબન પગીને વરદાન માગવા કહ્યું.

જોબન પગીએ પાઘડી ઉતારી, શ્રીજી મહારાજને દંડવત કર્યા અને ગદગદ કંઠે પ્રાર્થના કરી, 'હે બાપજી! આપ તો અમારા પર અઢળક ઢળ્યા છો. આપ ખૂબ નવાજ્યા છો. આપના પ્રતાપે મારે કોઈ કમી નથી. પુત્ર પરિવાર બહોળો છે. ભાયું ભત્રીજા મારી આજ્ઞા પ્રમાણે વર્તે છે. ખેતીવાડીની ઉપજ અઢળક છે. માયિક સુખ ઘણું ભોગવ્યું છે ને ભોગવું છું. આપને ઓળખ્યા ત્યારથી મારું કલ્યાણ થઈ ગયું માનું છું.'

જોબન પગી સહેજ અટક્યા અને પછી કહે, 'હવે શું માંગુ? બાપજી! મેં માત્ર ચરોતર દેશમાં નહીં પણ સાબરમતી નદીથી માંડી પુના પંચગની સુધીની પ્રજાને ખૂબ ધમરોળી છે, મારી છે, લૂંટી છે, રંજાડી છે. અને આ ચરોતર દેશમાં તો મારું નામ સાંભળતાં છોકરું છાનું રીયે એવી ધાક બેસારી છે...'

'બાપા! આ મહીસાગરથી માંડી સાભરના શેઢી સુધી નાના મોટાં માણસોને મેં બહુ જ દુખ દીધું છે. તો બાપજી! આપની મોજ ખાલી ન જાય માટે બે હાથ જોડી માગું છું કે, દયાળુ આપ દયા કરી, સાભરથી તે મહી નદી વચ્ચેના પ્રદેશમાં રહેતા જીવપ્રાણી માત્રને અન્નપાણીનો કોઈ દિવસ ત્રૂટો ન આવે એ માંગું છું.'

આખી સભા આશ્ચર્યચકિત થઈ ગઈ. ચોર લૂંટારુઓના રાજા ગણાતા જોબન પગીની સમજણ પર સૌ વારી ગયા. જોબન પગીનું હૃદય પરિવર્તન સૌને સ્પર્શી ગયું. પ્રસન્ન થયેલા શ્રીજી મહારાજે, જોબન પગીને તથાસ્તુ કહ્યું અને એ દિવસથી ચરોતરના જીવનું કાયમના માટે અન્નપાણીનું સદાવ્રત શ્રીજી મહારાજે બાંધી દીધું.

આજે પણ ચરોતરની પ્રજા અન્ન અને પાણી થકી સુખી છે. વરસાદ પૂરતો થાય છે. વૃક્ષવેલી ફૂલે ફળે છે. અસંખ્ય પશુ, પંખી, કીટ પતંગો પોતપોતાના આહારો મેળવી આનંદ મંગળ કરે છે. એ જોબન વડતાલાનો પ્રતાપ.

## ધર્મતખ્તના પૂજક

ગઢપુર ખાતે શ્રીજી નિવાસસ્થાન અક્ષર ઓરડી નજીક એક છાપરીવાળી જગ્યા હતી. ગંગા જળિયા કૂવાથી દક્ષિણ દિશામાં આ જગ્યા. જોબન પગી જ્યારે ગઢડા જાય ત્યારે અહીં ઉતરતા. વળી, ગઢપુરમાં જેટલા દિવસ રહે તેટલા દિવસ અક્ષર ઓરડીનો અખંડ ખડો પહેરો ભરતા.

શ્રીજી મહારાજના મુખે જોબન પગીએ સાંભળેલું કે, 'પોતાનું અક્ષરધામ રૂપી જે તખ્ત તેને વિશે પોતે સદાય બિરાજમાન છે.' આથી, જોબન પગી અક્ષર ઓરડીને અક્ષરધામ તુલ્ય માનતા. અક્ષર ઓરડીમાં શ્રીજી મહારાજને બિરાજવાનો જે ગાદી - તકિયો હતો તેને તેઓ અક્ષરધામનું ધર્મતખ્ત માનતા. તેથી, આ ગાદીનો તેમને મન અતિ મહિમા; ગાદીને સર્વોપરી માનતા. આ કારણે જ, આ સ્થળની ચોકી પોતે ખડે પગે રહી, એક શૂરવીર હરિભક્તની જેમ કરતા.

શ્રીજી મહારાજ સ્વધામ પધાર્યા પછી બંને આચાર્યશ્રીઓ ગઢડાથી પોતે પોતાના દેશમાં પધાર્યા. વડતાલ દેશના ગાદીપતિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજશ્રીને વડતાલ લાવવા, જોબન પગી પોતાના કુંટુંબ કબીલા અને ભીલોની ફોજ સાથે ગઢડા ગયેલા. જોબન પગી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજશ્રીને આદરપૂર્વક સહીસલામત રીતે વડતાલ લાવેલા. હાલ જેને 'ગાદીવાળો મેડો' કહેવાય છે ત્યાં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજશ્રીનું નિવાસસ્થાન થયું. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજશ્રી આચાર્ય તરીકે તે ગાદી પર બિરાજ્યા. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજશ્રી, દરરોજ સૂર્યાસ્ત સમયે, ત્યાં ઘીની દીવીઓ પ્રગટાવી, એ ધર્મતખ્ત પર બિરાજી સહુ સભાને દર્શન આપતા. ત્યારથી જોબન પગીને તે સ્થાનનો મહિમા અક્ષરધામના તખ્ત જેવો સમજાયો ને તેની સેવા કરવા લાગ્યા.

જોબન પગી દરરોજ સાંજે આ સ્થાને આવે. ગાદી પર મશાલ પ્રગટાય ત્યારે તેનાં દર્શન કરે. પછી ગાદીને દંડવત કરે. આચાર્ય મહારાજશ્રી પ્રવાસમાં ગયા હોય તો પણ તે દર્શન કરવા અચૂક જાય. આ નિયમ તેમણે જીવનપર્યત પાળેલ.

જોબન પગીએ વ્રત લીધેલું કે, 'પોતે પોતાની જિંદગી પર્યત મશાલ પ્રગટાતાં, ગાદીના દર્શને જવું; તેમજ, દરસાલ બેસતા વર્ષે અને પોતાને ત્યાં જ્યારે શુભ અવસર આવે ત્યારે એ ગાદીસ્થાને જઈ, ઘીનો દીવો પ્રગટાવી, રોકડો રૂપિયો અને શ્રીફળ મેલી, દંડવત કરી, શ્રીજી સ્તુતિ કરવી.' જોબન પગીએ આ નિયમ જીવન પર્યત પાળેલ.

ભવિષ્યમાં પણ આ પરંપરા જળવાય એટલા માટે, એક દિવસ પોતાના કુંટુંબ કબીલાને પોતાની મેડીએ તેડાવી કહ્યું કે, 'તમને સહુને મારા વચનમાં વિશ્વાસ હોય તો, તમો સહુ મારી જેમ આપણા કુંટુંબમાં જ્યારે શુભ અવસર આવે ત્યારે શ્રીજીના ગાદીસ્થાને જઈ, ત્યાં ઘીનો દીવો પ્રગટાવી, એક નાળિયેર અને રોકડો રૂપિયો મેલી, સહુ પગે લાગી પ્રાર્થના કરજો; એ કામ પ્રથમ કરી, પછી માંગલિક કામનો

આરંભ કરજો. ત્યાં આચાર્ય મહારાજશ્રી ન બિરાજતા હોય, તો પણ એ અક્ષરધામના તખ્ત પર ભગવાન સદાય બિરાજમાન છે, એમ શ્રીજી મહારાજને પ્રત્યક્ષ ગાદીએ બેઠા માની, પગે લાગી કામ આરંભજો; તેમજ બેસતા વર્ષને દિવસે પણ સહુ પ્રથમ ત્યાં ગાદીસ્થાને જઈને, ત્યાં રૂપિયો અને નાળિયેર મેલી, દર્શન કરી, પછી બીજે જજો.'

જોબન પગીની આ ભલામણ તેમના વંશજોએ આજ સુધી પાળી છે.

## ચરણરજ અહીંની અને અક્ષરધામનું માહાત્મ્ય

**(આત્મનિવેદી)**

પ્રેમાનંદ સ્વામીએ ગાયું છેઃ

સોળે ચિહ્ન જુક્ત છે
એવી જુગલ ચરણની જોડ, ચિતડું ચોરે છે;
અખંડ રહો આવી ઉરમાં પૂરો પ્રેમાનંદના કોડ,
ચિતડું ચોરે છે.

શ્રીજી મહારાજે, પોતાનાં સોળે ચિહ્નયુક્ત ચરણારવિંદોની હજારો છાપો, પોતાના સંતો અને હરિભક્તોને પૂજવા આપેલ. આજે પણ એ પૂજાય છે. વળી, શ્રીજી મહારાજનાં પ્રસાદીનાં સ્થાનોએ આવાં ચરણારવિંદ પધરાવવામાં આવ્યાં છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીજી મહારાજનાં ચરણારવિંદનું અનેરું મહત્વ છે.

શ્રીજી મહારાજની કૃપા થકી, જોબન પગીને પણ છાપેલાં ચરણારવિંદ અને પાદુકાઓ પ્રસાદીમાં મળેલ. છતાં એમના દિલમાં કંઈક અસંતોષ રહેતો. એમણે સંકલ્પ કર્યો કે, આ સોળે ચિહ્નોનો જેને સ્પર્શ થયો છે એવી રજ જો સંઘરી રાખું તો દરરોજ એ પ્રસાદીનો ઉપયોગ થાય અને એમ થતાં અનેક પાપ કરેલ આ શરીર શુધ્ધ થાય.

આમ, વિચારી જોબન પગી ગઢડા ગયા. દર વખતે જ્યાં ઉતરતા ત્યાં જ ઉતર્યા. દર વખતની જેમ ખડે પગે રહી ચોકી પણ કરી. ત્રણ ત્રણ દિવસ વિતી ગયા પણ શ્રીજી મહારાજની ચરણરજ મેળવવાનું એમને નસીબ પ્રાપ્ત ન થયું. શ્રીજી મહારાજ જ્યાં જાય ત્યાં ચાખડી પહેરીને જ જાય; અડવાણે પગલે એકપણ ડગલું ન ભરતા. આથી, જોબન પગી ચરણરજ મેળવી ન શક્યા.

ચોથા દિવસે, પોતાનો સ્વભાવ યાદ કર્યો. મનમાં થયું કે, શ્રીજી મહારાજનાં વર્તમાન લોપાય નહીં; ચોરી ન થાય. પણ, બપોર વખતે શ્રીજી મહારાજ અક્ષર ઓરડીમાં પોઢ્યા ત્યારે જોબન પગી આથમણા દ્વારથી પ્રવેશ્યા અને ઢોલડી નીચેથી ચાખડીઓ લઈ, ઉગમણા બારણાના ખૂણામાં આવેલ ખાળિયામાં સંતાડી દીધી.

શ્રીજી મહારાજ જાગ્રત થયા. જળપાન કરી સભામાં પધારવા પોશાક ધારણ કર્યો. ચાખડીઓ ન મળી. પાર્ષદ રતનજી મૂંઝાયા; ખૂબ શોધી પણ ન મળી. ત્યાં મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી દર્શને પધાર્યા. શ્રીજી મહારાજ ઊભા હતા અને પાદુકાની તપાસ ચાલતી હતી. તેવામાં મૂળજી બ્રહ્મચારી જળનો લોટો વીછળવા ખાળિયામાં નીચે બેસે છે ને તેમને પાદુકાઓનાં દર્શન થયાં. એ રતનજીએ ધોઈ, લૂછી ને શ્રીજીને પહેરાવી.

રતનજીએ આ વાત બ્રહ્માનંદ સ્વામીને કહી. ચતુર બ્રહ્માનંદ સ્વામી જોબન પગીને મળ્યા. જોબન પગીએ પોતાના સંકલ્પની વાત નિખાલસતાથી કરી. શ્રીજી ચરણરજ લેવા જ ગઢડા આવ્યા છે તે જણાવ્યું. પોતાને આવું કર્યાનું દુઃખ છે તેમ જણાવી, શ્રીજી મહારાજની માફી અપાવવા પ્રાર્થના કરી.

રાત્રે બ્રહ્માનંદ સ્વામીએ જોબન પગીના સંકલ્પની વાત કરી. સહુ આશ્ચર્ય પામ્યા. જોબન પગીએ શ્રીજી મહારાજની માફી માગી.

શ્રીજી મહારાજે કહ્યું, 'જોબનપગી, હું અક્ષરઓરડીથી નીકળી, નિંબવૃક્ષ નીચેથી ચાલી, શ્રી ગોપીનાથજી સુધીના મંદિર સુધી જાઉં ત્યાં સુધી પાદુકાઓ નહીં પહેરું, તો તમે તે વખતે જોઈએ તેટલી ચરણરજ લઈ લેજો.'

જોબન પગીએ તેમ કર્યું. એ ચરણરજને કપડેથી ચાળી એક પાત્રમાં ભરી પોતાની સાથે વડતાલ લઈ ગયા. દરરોજ જમવા બેસે ત્યારે એ ચરણરજ પોતાની થાળીમાં થોડી પીરસાવે. પછી જમણા હાથની આંગળી અંગુઠો જળવાળો કરી રજમાંથી એક ચપટી ભરી પ્રથમના કોળિયામાં મેળવીને જમતા જાય અને સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ લેતા જાય.

આ પરંપરા ત્રણ દાયકા ચાલી. ત્રીસ વર્ષ સુધી શ્રીજી મહારાજનાં ચરણરજ મેળવીને જ તેઓ જમ્યા. સં. ૧૯૧૭માં એક દિવસ તેમણે તેમની થાળીમાં ચરણરજ કેમ નથી મેલી?' ચરણરજ ખલાસ થઈ ગઈ એવો એમને જવાબ મળ્યો. જોબન પગીને થયું, શ્રીજી સ્વધામ પધાર્યા બાદ ત્રીશ વર્ષથી તેમની ચરણરજની પ્રસાદી લીધી છે, આજે તે પૂર્ણ થતાં મારું આયુષ્ય પણ પૂર્ણ જ થયું. એ અમૂલ્ય ચીજ હવે પ્રાપ્ત નહીં થાય અને મારે શ્રીજી ચરણરજ વિના જમવું એ પણ ધિક મનખો છે. તેઓ મોટેથી બોલ્યા, 'હવે ચરણરજ થઈ રહી હોય તો, શ્રીજી મને તેમના ધામમાં તેડી જશે.'

ભગવાન ભક્તાધિન છે. બીજે દિવસે શ્રીજી મહારાજ, સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી સહિત, વિમાન લઈ જોબન પગીને તેડવા પધાર્યા. જોબન પગીએ આ સર્વનાં દર્શન કરી કહ્યું, 'શ્રીજી મહારાજ મને તેડવા પધાર્યા છે, હું, ધામમાં તેમના ચરણની રજ લેવા-તેમના ચરણમાં રહેવા જાઉં છું. મારા પાછળ કોઈ શોક કરશો નહિ.'

# સત્સંગ સમાચાર




અમદાવાદ લાંભા મુકામે પૂ.વિશ્વવલ્લભ સ્વામી (રૂસ્તમબાગ)ના વક્તાપદે આયોજીત કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૫ થી ૧૧/૨/૨૦૧૯





માણેકપુર મુકામે ૧૩ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.દિવ્યપ્રકાશ સ્વામી, પૂ.જગતપાવન સ્વામી(વડોદરાવાડી) પૂ.સંતો તથા ભક્તો. ૧૭/૨/૨૦૧૯




ઉદ્ધારડ (શિહોર) મુકામે પૂ.વિશ્વવલ્લભ સ્વામી (રૂસ્તમબાગ)ના વક્તાપદે આયોજીત કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૨૦ થી ૨૬/૨૦૧૯







ગુડેલ (ખંભાત) મુકામે પૂ.ધર્મપ્રિયદાસજી સ્વામી (બાપુ સ્વામી) દ્વારા આયોજીત ૨૫ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી પૂ.સંતો તથા ભક્તો. તા.૨૨ થી ૨૬/૨/૨૦૧૯




ઉજ્જૈન મુકામે પૂ.આનંદજીવન સ્વામી દ્વારા આયોજીત કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત
વક્તાશ્રી પૂ.પ્રેમનંદન સ્વામી, પૂ.સંતો તથા ભક્તો. તા.૨૨ થી ૨૮/૨/૨૦૧૯





મુંબઈ કલ્યાણ મુકામે પૂ.નિર્ગુણ સ્વામી દ્વારા આયોજીત ૪૨ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૨૨/૨/૨૦૧૯




મુંબઈ ભાયંદર મુકામે પૂ.ભક્તિપ્રકાશ સ્વામીના વક્તાપદે આયોજીત ત્રિદિનાત્મક સત્સંગ યાજ્ઞયગ પ્રસંગે
ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૨૮/૨ થી ૨/૩/૨૦૧૯





અમદાવાદ વસ્ત્રાલ મુકામે પૂ.વિશ્વવલ્લભ સ્વામી (રૂસ્તમબાગ)ના વક્તાપદે આયોજીત કથાપારાયણ પ્રસંગે
ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૫ થી ૨૮/૨ થી ૬/૩/૨૦૧૯






સુરત (રામપુરા) મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત શ્રી ધર્મભક્તિ,શ્રી હરિકૃષ્ણ મહારાજના પાટોત્સવ પ્રસંગે
ઉપસ્થિત વક્તાશ્રી પૂ.હરિપ્રકાશ સ્વામી તથા પૂ.સંતો-ભક્તો. તા.૪ થી ૭/૩/૨૦૧૯






વડતાલધામ મુકામે શ્રી ગણપતિજી, શ્રી હનુમાનજી મહારાજની પુનઃપ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પૂ.સંતો - ભક્તો. તા.૭/૩/૨૦૧૯


આંમળી મુકામે પૂ.પુરૂષોત્તમ સ્વામી (ધોલેરા) દ્વારા આયોજીત ૫૭ મા પાટોત્સવ એવં ૧૧ નવદંપતિના સમુહ લગ્ન પ્રસંગે
ઉપસ્થિત વક્તાશ્રી પૂ.હરિપ્રકાશ સ્વામી - ધોલેરા, પૂ.બાપુ સ્વામી - ધંધુકા વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૮ થી ૧૦/૩/૨૦૧૯




મોરબી મુકામે મુકામે પૂ.વિશ્વવલ્લભ સ્વામી (રૂસ્તમબાગ)ના વક્તાપદે આયોજીત કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત
પૂ.સંતો તથા ભક્તો. તા.૧૫ થી ૨૧/૩/૨૦૧૯



વડોદરા હરિનગર થી કલાલી મુકામે પૂ.શ્રીરંગ સ્વામીની
પ્રેણાથી પદયાત્રા કરતા પૂ.સંતો તથા ભક્તો. તા.૧૫/૩/૨૦૧૯



ગોધરા મુકામે વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે
વચનામૃત સમુહ પાઠ કરતાં ભક્તજનો. તા.૧૬/૩/૨૦૧૯





ભુસાવળ (મહારાષ્ટ્ર) મુકામે પૂ.ધર્મસ્વરૂપ સ્વામીની પ્રેરણાથી આયોજીત પ્રેજનટેશન કથા કરતાં પૂ.મુક્તપ્રકાશ સ્વામી તથા ઉપસ્થિત પૂ.સંતો-ભક્તો. તા.૧૭/૩/૨૦૧૯







મુંબઈ ભુલેશ્વર મુકામે પૂ.ધર્મસ્વરૂપ સ્વામીની પ્રેરણાથી આયોજીત વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ નિમીત્તે ૨૦૦ વચનામૃતની મહિલા ભક્તો દ્વારા નગરયાત્રા એવં સત્સંગ સભા.તા.૧૭/૩/૨૦૧૯




સુરત (રામપુરા) મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત ધુળેટી નિમીત્તે ૧૦૦૦ કિલો ખજૂર ઉત્સવ દ્વારા ભક્તોને વિતરણ કરવામાં આવ્યું. તા.૧૭/૩/૨૦૧૯




તારાપુર મુકામે પૂ.માધવ સ્વામી - બુધેજવાળા દ્વારા આયોજીત વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ નિમીત્તે વચનામૃત કથાએવં સમુહ પાઠ પ્રસંગે પૂ.સંતો તથા ભક્તો. તા.૧૭/૩/૨૦૧૯






જીણજ(ખંભાત) મુકામે ૨૮ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.નારાયણચરણ સ્વામી, પૂ.માધવ સ્વામી - બુધેજ વગેરે પૂ.સંતો તથા ભક્તજનો. તા.૨૧/૩/૨૦૧૯



ગોધરા મુકામે રંગોત્સવ પ્રસંગે સત્સંગનો લાભ આપતાં પૂ.શ્રીરંગ સ્વામી-વડોદરા તથા પૂ.સંતો-ભક્તો. તા.૨૧/૩/૨૦૧૯



મુંબઈ ઘાટકોપર મુકામે પૂ.જગતપ્રકાશ સ્વામી દ્વારા આયોજીત રંગોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૨૧/૩/૨૦૧૯



પીજ મુકામે પૂ.વિશ્વવલ્લભ સ્વામી દ્વારા આયોજીત રંગોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૨૧/૩/૨૦૧૯





સુરત-ઘનશ્યામનગર મુકામે પૂ.નીલકંઠસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત રંગોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૨૧/૩/૨૦૧૯



સુરત મુકામે પૂ.ભગવતપ્રકાશ સ્વામી દ્વારા આયોજીત સદ્ગુરૂ વંદના મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત
વક્તાશ્રી પૂ.હરિચરણ સ્વામી - ચિત્તલ એવં પૂ.સંતો-ભક્તો. તા.૨૨ થી ૨૮/૩/૨૦૧૯




સુરત (કરંજ) મુકામે પૂ.સ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત વિશેષ સત્સંગ સભામાં ઉપસ્થિત પૂ.ધર્મજીવન સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૨૨/૩/૨૦૧૯





શેખ પીપળીયા તથા પુજા પાદર મુકામે પૂ.વાસુદેવ સ્વામી (નાહીચેર) દ્વારા આયોજીત કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી
પૂ.નંદકિશોર સ્વામી - નાહીચેર તથા પૂ.સંતો-ભક્તો. તા.૨૩ થી ૨૯/૩/૨૦૧૯






વડતાલધામ મુકામે પવિત્ર સભામંડપમાં વચનામૃત દ્વિશતાબ્દી ઉપક્રમે ભુજ મંદિરનાં સંતો-ભક્તો દ્વારા ત્રિદિનાત્મક સમુહ મહાપૂજા. તા.૨૪/૩/૨૦૧૯





રામપુરા સુરત મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત રવિ સત્સંગ સભામાં ઉપસ્થિત પૂ.હરિઓમ સ્વામી - નારાયણપુરા તથા પૂ.સંતો-ભક્તો. તા.૨૪/૩/૨૦૧૯

વડતાલ મુકામે વિરસદથી પદયાત્રા કરી પધારેલા ૩૦૦ ઉપરાંત ભક્તોને આર્શીવાદ આપતાં
પૂ.નૌતમ સ્વામી, પૂ.ઘનશ્યામ સ્વામી - સારૂંગપુરવાળા, પૂ.બ્રહ્મસ્વરૂપ સ્વામી વગેરે પૂ.સંતો.તા.૨૪/૩/૨૦૧૯



વડોદરા હરિનગર મુકામે પૂ.શ્રીરંગ સ્વામી દ્વારા આયોજીત રંગોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.લાલજી મહારાજશ્રી, પૂ.પ્રિયદર્શન સ્વામી - પીજ વગેરે પૂ.સંતો-ભક્તો. તા.૨૪/૩/૨૦૧૯




કુક્ષી (મધ્યપ્રદેશ) મુકામે પૂ.ગોવિંદ સ્વામી(મેતપુર)ની પ્રેરણાથી આયોજીત દિવ્ય રંગોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.આનંદ સ્વામી, પૂ.પ્રેમનંદન સ્વામી - ઉજ્જૈન વગેરે પૂ.સંતો તથા ભક્તો. ૨૪/૩/૨૦૧૯



હાલોલ મુકામે પૂ.વિશ્વવલ્લભ સ્વામી - પીજવાળા દ્વારા આયોજીત વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે શ્રીહરિ યાગ યજ્ઞ પ્રસંગે ઉપસ્થિત પૂ.સૂર્યપ્રકાશ સ્વામી, પૂ.સત્યપ્રકાશ સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૨૬/૩/૨૦૧૯



મહેળાવ(વડતાલ) મુકામે પૂ.નૌતમ સ્વામી દ્વારા આયોજીત ૫૮ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પૂ.સરજુદાસજી સ્વામી તથા પૂ.શ્યામ સ્વામી, પૂ.ત્યાગ સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૨૮ થી ૩૦/૩/૨૦૧૯




વાપી મુકામે પૂ.દિવ્યસ્વરૂપ સ્વામી-નારગોલના વક્તાપદે આયોજીત સત્સંગ સભામાં ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧/૪/૨૦૧૯







ભરૂચ મુકામે પૂ.સરજુદાસજી સ્વામી દ્વારા આયોજીત વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ નિમીત્તે ૨૧૦૦ પધરામણી,વચનામૃત
પાઠ નિયમ-પ્રારંભ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૩૧/૩/૨૦૧૯





વડતાલધામ મુકામે વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવનાં ઉપલક્ષમાં પૂ.જ્ઞાનજીવન સ્વામી - નાસીક ગુરૂકુલની પ્રેરણાથી મુંબઈના ભક્તો
દ્વારા લઘુરૂદ્રયજ્ઞ પ્રસંગે ઉપસ્થિત પૂ.શ્રીવલ્લભ સ્વામી, પૂ.મુનિ સ્વામી, પૂ.શયામ સ્વામી વગેરે પૂ.સંતો તથા યજમાન પરિવાર. તા.૧/૪/૨૦૧૯




સુરત કરંજ મુકામે પૂ.સ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત વચનામતૃ દ્વિશતાબ્દી નિમીત્તે
સમુહ વચનામૃત પાઠ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૬/૪/૨૦૧૯





માલપુર(સંખેડા) મુકામે પૂ.નૌતમ સ્વામી દ્વારા આયોજીત સત્સંગ સભા પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૭/૪/૨૦૧૯

# સદ્‌વિદ્યા ટીવીનાં માધ્યમથી નિહાળો વડતાલધામને



## શણગાર આરતી

વડતાલવાસી શ્રી હરિકૃષ્ણ મહારાજની શણગાર આરતીનું જીવંત પ્રસારણ

**દરરોજ સવારે ૭:૩૫ કલાકે**

## મહોત્સવ દર્શન

વડતાલ મંદિરને આંગણે ઉજવાયેલા ઉત્સવોનાં દર્શન

**સોમ થી શનિ રાત્રે ૯ કલાકે**

પુનઃપ્રસારણ સવારે ૭ કલાકે

## રવિસભા

પ.પૂ.શ્રી ડો.સંતવલ્લભદાસજી સ્વામીનાં મુખેથી વચનામૃત કથા

**દર રવિવારે રાત્રે ૯ કલાકે**

પુનઃપ્રસારણ દર સોમવારે સવારે ૭ કલાકે

॥સદ્‌વિદ્યા॥ TV
भारतीय संस्कृति की धरोहर ।

GTPL : 554 | DEN : 888 | DL Network : 572
Devshree : 522 | Rajmoti (Kodinar) : 358 | KCC IN (Mumbai) : 976
KDN : 228 | Bavla IN Cabel : 98
Follow us on /sadvidyatv



# વડતાલ સંસ્થાન દ્વારા પ્રકાશિત ગુજરાતી, હિન્દી, અંગ્રેજી

# મેગેજીનઓના ગ્રાહક બનો અને બનાવો

| | | | |
|---|---|---|---|
| ગુજરાતી મેગેજીન | ૫ વર્ષ રૂા.૨૫૦/- | ૨૦ વર્ષ રૂા.૫૦૦/- | વિદેશ રૂા.૬૭૫૦/- |
| હિન્દી મેગેજીન | ૧ વર્ષ રૂા.૧૫૦/- | ૧ વર્ષ - વિદેશ રૂા.૬૦૦/- | |
| અંગ્રેજી મેગેજીન | ૧ વર્ષ રૂા.૧૫૦/- | ૧ વર્ષ - વિદેશ રૂા.૬૦૦/- | |

For More Information
Scan Here

ગુજરાતી માસિક / અંગ્રેજી ત્રિમાસિક / હિન્દી ત્રિમાસિક


પ્રસિધ્ધકર્તા : શ્રી વડતાલ ટેમ્પલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતિ
મુખ્ય કોઠારીશ્રી પ.પૂ.સ.ગુ.શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન**

મુ. વડતાલ, તા. નડીયાદ, જી. ખેડા, ફોન : (૦૨૬૮) ૨૫૮૯૭૨૮, ૨૫૮૯૭૭૬
E-mail address : vadtaldhamvikas@gmail.com

# વડતાલ મંદિર ડેઇલી દર્શન તથા ઉત્સવ સમૈયા મહોત્સવ એવમ્ સત્સંગ સમાચાર માટે ખાસ નિહોળો....





**WEB**
WWW.VADTALMANDIR.ORG

**WHATSAPP**
99090 15500

**INSTAGRAM**
@VADTALMANDIR

**TWITTER**
vadtalmandirorg

**YOUTUBE**
@VADTALMANDIR

**FACEBOOK**
@VADTALMANDIR

**GOOGLE PLUS**
@VADTALMANDIR

**GMAIL**
VADTALDHAMVIKAS@GMAIL.COM


## વડતાલધામ ડેઈલી દર્શન મોબાઇલ એપ્લીકેશન

Get it on Google play
Available on the App Store

સંપ્રદાયની સેવામાં
એક નવી મોબાઈલ એપ્સ...!
અપડેટેડ પંચાંગ, ચોઘડીયા
લાઈવ હોરા, તિથિ રીમાઈન્ડર
ગ્રહણ-સૂતક નિર્ણય, મંદિરોની યાદી




# આગામી નિર્ણય અંગે




## "નિર્ણય" કિંમત : રૂા. ૫/-

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા સંવત્ ૨૦૭૫ - ૭૬ના નવા નિર્ણય પ્રકાશિત થઈ ગયા છે. માટે તમામ હરિભક્તોએ વડતાલ મંદિર સ્ટોરમાંથી મેળવી લેવા.



**સંપર્ક :- ૦૨૬૮-૨૫૮૯૭૨૮-૭૭૬**

# શ્રી હરિકૃષ્ણ ફુલસ્કેપ ચોપડા તથા નોટબુક





**શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ સંસ્થાન દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે રાહતદરે ફુલસ્કેપ ચોપડા તથા નોટબુક પ્રકાશિત થઈ રહ્યા છે. માટે જે મંદિરો, શાળાઓ કે ગ્રુપમાં મંગાવવા ઈચ્છતા હોય તેમણે વડતાલ મંદિરની ઓફિસમાં સંપર્ક કરવો.**

**સંપર્ક :- ૦૨૬૮-૨૫૮૯૭૨૮-૭૭૬**

# અક્ષરવાસ

## પ.ભ.શ્રી મનુભાઈ બાપુલાલ પટેલ - મેતપુર (હાલ જયપુર)



જય શ્રી સ્વામિનારાયણ સાથે સખેદ જણાવવાન કે ગામ મેતપુરના (હાલ જયપુર) રહેતા પ.ભ.શ્રી મનુભાઈ બાપુલાલ પટેલ તા.૧૯/૩/૨૦૧૯ના ફાગણ સુદ ૧૩ ને મંગળવારના રોજ સવારે પ્રભુ સ્મરણ કરતા થકા ૭૦ વર્ષની વયે અક્ષરનિવાસી થયા છે, અ.નિ.સ.ગુ.શા.શ્રી કૃષ્ણજીવન દાસજી સ્વામી - મેતપુરવાળાનાં કૃપાપાત્ર શિષ્ય એવા હરિભક્ત શ્રી મનુભાઈ ગામ મેતપુરના જ નહિ પણ બન્ને દેશ ગાદીના અનમોલ રત્ન સમાન હતા. બન્ને દેશ ગાદીના સંતો ભગવાનની મૂર્તિ માટે કે કોઈપણ કામ માટે જયપુર જાય ત્યારે મનુભાઈ તેમનો સમય કાઢીને અચુક સંતો સાથે જતા અને મૂર્તિઓ તૈયાર થાય ત્યાં સુધી સાથે રહેતા, બન્ને દેશ ગાદીના પૂ.આચાર્ય મહારાજશ્રી તથા બધા જ સંતો તેમની પર બહુ રાજી હતા, તેઓ નાનપણથી બાળધૂન મંડળની દરેક સભામાં હાજરી આપતા, ઉત્સવોમાં મુખ્ય યજમાનપદ લેતા અને સત્સંગની ખુભ સેવા કરતાં, તેમના જવાથી સમસ્ત સત્સંગ સમાજને ન પુરાય તેવી ખોટ પડી છે. શ્રી મનુભાઈને ભગવાન પોતાના ચરણનું સુખ અર્પે તેવી પ્રાર્થના સહ શ્રધ્ધાંજલી.

## વડતાલ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ ઉજવાતા

# સંપ્રદાયના આગામી કાર્યક્રમ

| | | | |
|---|---|---|---|
| ૨૧ થી ૨૭ એપ્રિલ ૨૦૧૯ | સચીન(સુરત) | પૂ.વિશ્વવલ્લભ સ્વામી (સત્શ્રી) વક્તાપદે | કથાપારાયણ |
| ૨૫ એપ્રિ.થી ૧ મે ૨૦૧૯ | જેતપુર | પૂ.ભક્તિસંભવ સ્વામીની પ્રેરણાથી આયોજીત | |
| | | પૂ.હરિસ્વરૂપ સ્વામી(અમરેલી)ના વક્તાપદે | કથાપારાય |
| ૨૩ થી ૨૭ એપ્રિલ ૨૦૧૯ | લંડન(યુ.કે.) | પૂ.કૃષ્ણવલ્લભ સ્વામી - વૃંદાવનનાં વક્તાપદે આયોજીત | કથાપારાયણ |
| ૨૬ એપ્રિલ ૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | શ્રી રણછોડજી પાટોત્સવ |
| ૨૮ એપ્રિ. થી ૨ મે ૨૦૧૯ | ધોળકા | પૂ.વિશ્વવલ્લભ સ્વામી (સત્શ્રી) વક્તાપદે | કથાપારાયણ |
| ૨૫ એપ્રિ. થી ૧ મે ૨૦૧૯ | ઋષિકેશ | પૂ.હરિપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે આયોજીત | કથાપારાયણ |
| ૩ થી ૧૦ મે ૨૦૧૯ | ધોરાજી | પૂ.વિશ્વવલ્લભ સ્વામી (સત્શ્રી) વક્તાપદે | કથાપારાયણ |
| ૪ થી ૬ મે ૨૦૧૯ | મેતપુર(ખંભાત) | પૂ.નારાયણચરણ સ્વામી દ્વારા આયોજીત | બાલયુવા શિબિર |
| ૪ થી ૧૦ મે ૨૦૧૯ | જસદણ(બોટાદ) | શ્રી રાજકોટ ગુરૂકુલ દ્વારા આયોજીત | મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ |
| ૪ થી ૧૦ મે ૨૦૧૯ | ધોરાજી | પૂ.હરિપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે આયોજીત | કથાપારાયણ |
| ૭ મે થી ૧૭ જુન ૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | ચંદનના વાઘા |
| ૭ થી ૧૧ મે ૨૦૧૯ | હરિદ્વાર | પૂ.હરિવલ્લભ સ્વામી દ્વારા આયોજીત | રજતજયંતિ મહોત્સવ |
| ૭ થી ૧૩ મે ૨૦૧૯ | જગન્નાથપુર | પૂ.જગતપાવનદાસજી સ્વામીના વક્તાપદે | કથાપારાય |
| ૭ મે થી ૬ જુન ૨૦૧૯ | ગઢડા(ઘેલાકાંઠે) | પૂ.ભક્તિપ્રિયદાસજી સ્વામી દ્વારા આયોજીત | ભવ્ય શિક્ષાપત્રી મહાવિષ્ણુયાગ મહોત્સવ |
| ૯ થી ૧૫ મે ૨૦૧૯ | હરિદ્વાર | પૂ.હરિવલ્લભ સ્વામીની પ્રેરણાથી આયોજીત | |
| | | પૂ.જ્ઞાનપ્રકાશ સ્વામી (અમરોલી)ના વક્તાપદે | કથાપારાયણ |
| ૧૦ થી ૧૪ મે ૨૦૧૯ | ઉદયનગર રાજકોટ | પૂ.દેવપ્રસાદદાસજી સ્વામી - વંથલી દ્વારા આયોજીત | પંચાબ્દી મહોત્સવ |
| ૧૨ થી ૧૮ મે ૨૦૧૯ | આટકોટ | પૂ.સંતદાસજી સ્વામી દ્વારા આયોજીત | દ્વિદશાબ્દી મહોત્સવ |
| ૧૨ થી ૧૮ મે ૨૦૧૯ | બોરીસણા (કલોલ) | પૂ.વિશ્વવલ્લભ સ્વામી (સત્શ્રી) વક્તાપદે | કથાપાયરાણ |
| ૧૫ થી ૨૧ મે ૨૦૧૯ | મુલુંડ (મુંબઈ) | પૂ.હરિપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે આયોજીત | કથાપારાયણ |
| ૧૭ થી ૧૯ મે ૨૦૧૯ | બાબરીયા(ઉના) | શ્રી રાજકોટ ગુરૂકુલ દ્વારા આયોજીત | મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ |
| ૧૭ થી ૨૧ મે ૨૦૧૯ | ટીંબી(ઉના) | શ્રી રાજકોટ ગુરૂકુલ દ્વારા આયોજીત | મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ |
| ૧૮ મે ૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | વચનામૃત પર્વ - ૬ |
| ૧૮ થી ૨૦ મે ૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | બાલયુવા શિબિર |
| ૧૯ થી ૨૬ મે ૨૦૧૯ | સીલ્વર ચોક સુરત | પૂ.ભક્તિસંભવ સ્વામીની પ્રેરણાથી આયોજીત | |
| | | પૂ.હરિસ્વરૂપ સ્વામી(અમરેલી)ના વક્તાપદે | મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ |
| ૨૦ થી ૨૫ મે ૨૦૧૯ | જામનગર | પૂ.વિશ્વવલ્લભ સ્વામી (સત્શ્રી) વક્તાપદે | કથાપારાયણ |
| ૨૫ થી ૩૧ મે ૨૦૧૯ | પીપલાણા | પૂ.મોહનપ્રસાદદાસજી સ્વામીની પ્રેરણાથી આયોજીત | ૬૬ મો પાટોત્સવ તથા કથાપારાયણ |
| ૧૯ થી ૨૪ જુન ૨૦૧૯ | ચેન્નાઈ (તામિલનાડુ) | પૂ.વિશ્વવલ્લભ સ્વામી (સત્શ્રી) વક્તાપદે | કથાપારાયણ |
| ૬ થી ૧૩ જુલાઈ ૨૦૧૯ | અમેરીકા | વડતાલધામ ન્યુજર્સી દ્વારા આયોજીત | પંચ દશાબ્દિ નિષ્ઠા મહોત્સવ |
| ૫ થી ૧૧ ઓગષ્ટ ૨૦૧૯ | ઋષિકેશ | પૂ.વિશ્વવલ્લભ સ્વામી (સત્શ્રી) વક્તાપદે | કથાપારાયણ |
| ૧૯ થી ૨૫ ઓગષ્ટ ૨૦૧૯ | જગન્નાથ પુરી | પૂ.વિશ્વવલ્લભ સ્વામી (સત્શ્રી) વક્તાપદે | કથાપારાયણ |
| ૨૨ થી ૨૮ ઓગષ્ટ ૨૦૧૯ | હરિદ્વાર | પૂ.હરિપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા)ના વક્તાપદે | કથાપારાયણ |
| ૨૯ ઓગ. થી ૪ સપ્ટે.૨૦૧૯ | હરિદ્વાર | પૂ.હરિપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે આયોજીત | કથાપારાયણ |
| ૬ થી ૧૨ નવેમ્બર ૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ |
| | | | કાર્તિકી સમૈયો |
| ૨૯ નવે. થી ૫ ડીસે.૨૦૧૯ | વડોદરા હરિનગર | પૂ.શ્રીરંગ સ્વામી દ્વારા આયોજીત | મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ |












**કલાલી** મુકામે પૂ.પ્રભુચરણ સ્વામી દ્વારા આયોજીત ૨૦૪ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, વક્તાશ્રી પૂ.હરિપ્રકાશ સ્વામી - અથાણાવાળા એવં પૂ.સંતો -ભક્તો તથા યજમાનશ્રી હર્ષદભાઈ સતાસીયા પરિવાર. તા.૧૭ થી ૨૧/૩/૨૦૧૯







પંચાળા મુકામે પૂ.યોગેશ્વર સ્વામી દ્વારા આયોજીત નૂતન શિખરબંધ મંદિર ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પૂ.નીકલંઠચરણદાસજી સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૧૯ થી ૨૧/૩/૨૦૧૯





**સુરત રામપુરા** મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત ભવ્ય રંગોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.લાલજી મહારાજશ્રી તથા સંતો-ભક્તો. તા.૨૧/૩/૨૦૧૯




વડોદરા (વરણામા) પૂ.દેવકૃષ્ણ સ્વામીની પ્રેરણાથી આયોજીત ગુરૂકુલ ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાજકુમારજી, ચેરમેનશ્રી દેવ સ્વામી, પૂ.ધર્મવલ્લભ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી વગેરે પૂ.સંતો. તા.૨૧/૩/૨૦૧૯



કોબા (સુરત) મુકામે પૂ.નીલકંઠચરણદાસજી સ્વામી દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી,ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૨૩ થી ૨૫/૩/૨૦૧૯



ઉતરસંડા મુકામે ૨૯ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.સત્સંગભૂષણ સ્વામી, પૂ.મુનિસ્વામી વગેરે પૂ.સંતો તથા યજમાનશ્રી બંદિશભાઈ પટેલ પરિવાર યુ.એસ.એ. એવં ભક્તોજનો. તા.૨૩/૩/૨૦૧૯




વડતાલધામ મુકામે શહીદ શૌર્ય સ્વારાંજલી સન્માન સમારોહ પ્રસંગે ઉપસ્થિત સાહીત્યકારશ્રી અભેસિંહભાઈ રાઠોડ, ડૉ.રણજીતસિંહ વાંક, શ્રી ઋષભભાઈ આહીર વગેરે કલાકરો,પૂ.સંતો તથા શ્રી શૈલેષભાઈ સાવલીયા વગેરે ભક્તજનો. તા.૨૦/૩/૨૦૧૯



શ્રી સ્વા. હોસ્પિટલ વડતાલધામને એક કરોડનો ચેક અર્પણ કરતા પ.ભ. દાનવીરશ્રી પ્રવિણભાઈ વાઘજીભાઈ પટેલ વડદલા (હાલ-લંડન) તા. ૨૧/૩/૨૦૧૯



ઉત્તરસંડા મુકામે પ.ભ.શ્રી બંદિશભાઈ પટેલના નવા નિવાસ સ્થાને પધરામણી કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી એવં પૂ. સંતો. તા. ૨૩/૩/૨૦૧૯



## ચંદનના વાઘાની સેવા

વ્હાલા ભક્તો, જય શ્રી સ્વામિનારાયણ સહ જણાવવાનું કે, વૃત્તાલયધામમાં બિરાજતા શ્રી હરિકૃષ્ણ મહારાજ એવં શ્રી લક્ષ્મીનારાયણદેવ આદિ દેવોને તા.૭/૫/૨૦૧૯ થી તા.૧૭/૬/૨૦૧૯ સુધી ''ચંદન'' ના ''શણગાર''ધારણ કરાવવામાં આવશે.

જે સેવાભાવી ભક્તોએ આ અવસરે ચંદનના વાઘાની સેવાનો લાભ લેવાની ઈચ્છા હોય તેમણે રૂબરૂ અથવા વડતાલની ઓફિસમાં ફોન પર સંપર્ક કરવો.

નોંધ :- (૧) ચંદનના વાઘાની સેવા માટે એક દિવસના રૂા.૨૦૦૦/- છે.

(૨) ચંદન ઘસવાની સેવા કરવા ઈચ્છતા હરિભક્તોએ નીચેના નંબર પર સંપર્ક કરવો.

ફોન નં. (૦૨૬૮) ૨૫૮૯૭૨૮, ૨૫૮૯૭૭૬, ભાવેશભાઈ - ૭૨૦૩૦૯૨૬૦૫

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥



કાર્તિકી સમૈયા પ્રસંગે શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે



## વડતાલધામને આંગણે

## શ્રી સહજાનંદી બાળ-યુવા શિબિર-૫

**તારીખ : ૧૮/૫/૨૦૧૯ થી ૨૦/૫/૨૦૧૯**



સંપર્ક : પૂ.શ્રી નારાયણચરણદાસજી સ્વામી (કોઠારીશ્રી, બુધેજ) - ૯૪૨૯૦ ૩૩૮૩૫ । વિષ્ણુ ભગત (પાડગોલ) - ૮૧૪૦૬ ૬૫૨૪૨

માર્ગદર્શક : પ.પૂ.શા.શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી - મેતપુરવાળા । પ.પૂ.સદ્.શ્રી ગોવિંદપ્રસાદ સ્વામી - મેતપુરવાળા

આયોજક : વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી પ.પૂ.સદ્.શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી (મુખ્ય કોઠારીશ્રી)

ખાસ નોંધ : ૧૫ વર્ષ થી ૫૦ વર્ષ સુધીનાં દરેક ભાઈ-બહેનોએ અવશ્ય લાભ લેવા વિનંતી.

RNI No. GUJ/GUJ/2010/38053. The Postal Regn. No. "G-KHEDA-86/2017-19" Valid up to 31.12.2019. Posted From Vadtal Post Office. on 20th Date of every Month

# વડતાલધામ વચનામૃત પર્વ - ૪ એવં દિવ્ય ભવ્ય રંગોત્સવ તા.૨૧/૩/૨૦૧૯






 વડતાલ મંદિરની વધુ વિગત માટે www vadtalmandir.org વેબસાઈટની અવશ્ય મુલાકાત લો.